ગુજરાતનું વિશ્વસનીય દૈનિક
# લોક પત્રિકા
www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673
તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૧૫૪ । વિક્રમ સંવત ૨૦૮૨ : પોષ વદ ૧૨ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)
Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 154 • Dt.11-01-2026 Sunday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125
11 JANUARY- 2026 SUNDAY



P.07
પ્રિયંકાની વારાણસી ફિલ્મ આવતાં વર્ષે રામનવમીએ રીલિઝ થશે



P.07
શ્રદ્ધા કપુર નાગિનનું શૂટિંગ એપ્રિલથી શરૂ કરશે

'ઈરાનના તહેરાનમાં અંધાધૂંધ ગોળીબારમાં ૨૧૭ દેખાવકારોના મોત । ડોક્ટરનો ચોંકાવનારો દાવો 07





07 રશિયાનો યુક્રેન ઉપર વિનાશક ઓરેશ્નિક મિસાઇલથી હુમલો । ચારનાં મોત ૨૨ ઘાયલ

રકમ પોલીસના પગાર કરતા વધુ

### રસ્તા ઉપર પોલીસ કર્મચારીઓને ઉભા રાખીને સામાન્ય લોકો પાસે આડેધડ દંડની વસુલાત કરવામાં આવે છે

# અમદાવાદમાં ટ્રાફિક ભંગ બદલ નાગરિકો પાસેથી ૪૧૩ કરોડની ઉઘરાણી

### પ્રજા પાસેથી વસુલેલા દંડના પૈસાથી રોડ એન્જિનિયરીંગ ઉપરાંત રસ્તાઓ ઉપર ઝીબ્રા ક્રોસિંગ, ટ્રાફિક સિગ્નલ, જનજાગૃતિ તેમજ ટ્રાફિક નિયમન માટે જરૂરી સાધનોની ખરીદી કરવામાં આવે છે

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૦ ।

અમદાવાદ શહેરમાં ટ્રાફિક નિયમોના ભંગ બદલ નાગરિકો પાસેથી બે વર્ષમાં કુલ ૪૧૩ કરોડ રૂપિયા દંડપેટે વસુલવામાં આવ્યાં છે. આટલો અધધધ દંડ વસુલનાર પોલીસ કર્મચારીઓને ચૂકવાતાં પગાર કરતાં વધુ એટલે કે ૪૧૩ કરોડની આવક સરકારી તિજોરીમાં થઈ છે. ટ્રાફિક પોલીસ દ્વારા વસુલવામાં આવતી દંડની આ રકમ સરકારમાં જમા થાય છે અને ટ્રાફિક સંદર્ભે સુવિધા, જનજાગૃતિ અને અકસ્માતો ઘટાડવા કાર્યવાહી કરવા માટે ગ્રાન્ટ સ્વરૂપે પરત આપવામાં આવતાં હોય છે. પણ, કમનસીબી એ છે કે, અમદાવાદમાં ટ્રાફિક દંડપેટે વસુલાયેલા અબજો રૂપિયા પ ડી રહ્યાં છે પણ સરકારમાંથી પરત આવવામાં વર્ષો વિતી જાય છે. અમદાવાદમાં ટ્રાફિક પોલીસની સંખ્યા મંજુર મહેકમ કરતાં ઓછી છે છતાં વર્ષ ૨૦૨૪ની સરખામણીએ દંડ વસુલાતમાં ધરખમ વધારો થયો છે. વર્ષ ૨૦૨૪માં અમદાવાદ ટ્રાફિક પોલીસે ૨૧.૧૫ લાખ વાહનચાલકો પાસેથી ૧૫૧ કરોડ દંડ વસુલ્યો હતો. તો, વર્ષ ૨૦૨૫માં ૪૦ લાખ વાહનચાલકો પાસેથી ૨૬૨ કરોડની તોસ્તાન દંડ વસુલાત કરવામાં આવી છે. બે વર્ષમાં કુલ ૪૧૩ કરોડની દંડ વસુલાત કરાઈ છે ત્યારે લોકોમાં એવી ચર્ચા છે કે, પોલીસને ચૂકવાતાં પગાર કરતાં સરકારને દંડની આવક વધુ છે. રસ્તા ઉપર પોલીસ કર્મચારીઓને ઉભા રાખીને સામાન્ય લોકો પાસે આડેધડ દંડની વસુલાત કરવામાં આવે છે.



પ્રજા અને પોલીસ વચ્ચે ઘર્ષણ થાય તે રીતે આકરી દંડ વસુલાતના આદેશ કરવામાં આવે છે. બે વર્ષમાં ૪૧૩ કરોડની દંડની આવક થઈ છે તે આ કામગીરી કરતાં પોલીસ કર્મચારીઓના પગાર કરતાં અચૂકપણે અનેકગણી વધારે હશે. એકંદર, રસ્તા ઉપર ઓછી પોલીસ દેખાતી હોવા છતાં ટ્રાફિક પ ોલીસે ગત વર્ષ કરતાં દંડપેટે ૧૧૧ કરોડ વધુની કમાણી સરકારને કરી આપી છે.રસ્તાઓ ઉપર વાહન ચલાવવામાં નિયમોના ભંગ બદલ પ્રતિવર્ષ અબજો રૂપિયા વસુલવામાં આવે છે તે રકમ સીધી જ ગુજરાત સરકારમાં જમા થઈ જાય છે. આ પૈસા ગુજરાત સરકાર દ્વારા અમદાવાદ ટ્રાફિક પોલીસ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને ટ્રાફિક કમિટીને જુદા - જુદા હેડમાં પરત ફાળવે છે. પ્રજા પાસેથી વસુલેલા દંડના પૈસાથી રોડ એન્જિનિયરીંગ ઉપરાંત રસ્તાઓ ઉપર ઝીબ્રા ક્રોસિંગ, ટ્રાફિક સિગ્નલ, જનજાગૃતિ તેમજ ટ્રાફિક નિયમન માટે જરૂરી સાધનોની ખરીદી કરવામાં આવે છે.

### ચોટીલા-નાની મોલડી પોલીસની હદમાં ઝડપાયેલી દારૂ-બિયરની ૫૩,૯૪૭ બોટલનો નાશ કરાયો

# ડેપ્યુટી કલેક્ટર, પોલીસ અધિકારીઓની હાજરીમાં ચોટીલામાં રૂપિયા ૪.૧૦ કરોડથી વધુના દારૂ ઉપર રોલર ફેરવી દેવાયું

। પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૧૦ ।

ચોટીલા તેમજ નાની મોલડી પોલીસ મથકની હદમાંથી ઝડપાયેલી ઈંગ્લીશ દારૂ તેમજ બિયરની રૂ.૪.૧૦ કરોડની કિંમતની ૫૩,૯૪૭ બોટલનો અધિકારીઓની હાજરીમાં રોલર ફેરવી નાશ કરવામાં આવ્યો છે.ચોટીલા ડેપ્યુટી કલેકટરની અધ્યક્ષતામાં ચોટીલા પોલીસ મથકની હદમાં ઝડપાયેલો ઈંગ્લિશ દારૂ અને બિયરની ૫૩,૦૫૭ બોટલો (કિં.રૂ.૪,૦૯,૬૨,૩૫૧), તેમજ નાની મોલડી પોલીસ મથકની હદમાં ઝડપાયેલી ઈંગ્લીશ દારૂ અને બિયરની ૮૯૦ બોટલ (કિં.રૂ.૧,૩૪,૨૭૨) મળી કુલ ૫૩,૯૪૭ ઈંગ્લિશ દારૂ અને બિયરની બોટલો (કિં.રૂ.૪,૧૦,૯૬,૬૨૩)નો મુદ્દામાલનો ચોટીલાના ઝરિયા મહાદેવ રોડ પર આવેલી સરકારી ખરાબાની ખુલ્લી જગ્યામાં બુલડોઝર ફેરવી નાશ કરવામાં આવ્યો હતો. આ તકે ચોટીલા ડેપ્યુટી કલેક્ટર એચ.ટી.મકવાણા સહિત નશાબંધી અધિકારી, ચોટીલા ડીવાયએસપી, ચોટીલા મામલતદાર, ચોટીલા તેમજ નાની મોલડી પીઆઈ સહિતના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપ સ્થિત રહ્યા હતા.ચોટીલા તેમજ નાની મોલડી પોલીસ મથકની હદમાંથી ઝડપ ાયેલી ઈંગ્લીશ દારૂ તેમજ બિયરની રૂ.૪.૧૦ કરોડની કિંમતની ૫૩,૯૪૭ બોટલનો અધિકારીઓની હાજરીમાં રોલર ફેરવી નાશ કરવામાં આવ્યો છે.આ તકે ચોટીલા ડેપ્યુટી કલેક્ટર એચ.ટી.મકવાણા સહિત નશાબંધી અધિકારી, ચોટીલા ડીવાયએસપી, ચોટીલા મામલતદાર, ચોટીલા તેમજ નાની મોલડી પીઆઈ સહિતના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપ સ્થિત રહ્યા હતા.






લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ | સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ | જાહેરાત માટે : ૯૬૬૨૫ ૧૩૦૬૨ પળેપળના સમાચાર માટે www.lokpatrika.in

## વડોદરામાં ચોરી કરેલી બાઈક સાથે આધેડ વાહન ચોર પકડાયો

| પ્રતિનિધિ, વડોદરા, તા.૧૦ |

વડોદરાના કોઠી વિસ્તારમાં વીસ દિવસ પહેલાં મોટરસાયકલ ચોરી કરી ફરાર થઈ ગયેલા આધેડ વયના વાહન ચોરને પોલીસે ઝડપી પાડી વધુ પૂછપરછ હાથ ધરી છે. તરસાલીથી બરોડા ડેરીની વચ્ચે ક્રાઈમ બ્રાન્ચની ટીમ શકમંદો પર નજર રાખી રહી હતી તે દરમિયાન એક મોટરસાયકલ ઉપર પસાર થતાં આધેડ વયના પુરુષને રોકી મોટરસાયકલના કાગળ માંગતા તેની પાસે મળી આવ્યા ન હતા.પોલીસની પૂછપરછ દરમિયાન બાઈક ચાલકનું નામ શાંતિલાલ કાળીદાસ મકવાણા હોવાનું ખુલ્યું હતું. આરોપીએ ગઈ તા.૧૮મી એ જુની કલેકટર કચેરી પાસેથી મોટરસાયકલ ચોરી હોવાની વિગતો ખુલતા પોલીસે તેની વધુ પૂછપરછ જારી રાખી છે.

## વડોદરા : બૂટલેગરો અને પોલીસ વચ્ચેના કથિત સંપર્કની તપાસ શરૂ થતા ફફડાટ

| પ્રતિનિધિ, વડોદરા, તા.૧૦ |

વડોદરા શહેરમાં પોલીસની ઘોંસ વધતા બૂટલેગરો વડોદરા જિલ્લામાં સક્રિય થયા છે. નાના મોટા દારૂ પીધેલાના કેસ કરતી જિલ્લા પોલીસને ૧૭.૭૨ લાખનો દારૂ દેખાયો જ નહતો. જેના કારણે જિલ્લા પોલીસની કામગીરી અંગે શંકા વ્યક્ત થઈ રહી છે. દારૂના કેસમાં પકડાયેલા તમામ આરોપીઓના ૮ દિવસના રિમાન્ડ મંજૂર થયા છે. વાઘોડિયા નગરમાં જ દારૂનું મોટું કટિંગ ચાલતું હોવાનો પર્દાફાશ સ્ટેટ વિજિલન્સે કરતા જિલ્લા પોલીસની નિષ્ક્રિયતા છતી થઈ છે. વાઘોડિયામાં બસ સ્ટેશન પાછળ દેવડીયારોડ પર આનંદનગરી ખાતે વિનોદ વસાવા તેમજ કરણ બારીયાએ મધ્યપ્રદેશથી મગાવેલો ૧૭.૭૨ લાખનો વિદેશી દારૂ સ્ટેટ મોનિટરિંગ સેલે ઝડપી પાડયો હતો. સ્થળ પરથી દારૂનો ધંધો કરતા ભાગીદારો તેમજ અન્ય આરોપીઓ મળી મળી કુલ ૯ ઝડપાયા હતા. જ્યારે મધ્યપ્રદેશના સપ્લાયર સહિત કુલ ૧૧ને ફરાર જાહેર કરવામાં આવ્યા હતા.

### આગમાં હેલ્થ કચેરીમાં રાખવામાં આવેલ દવાનો જથ્થો બળીને ખાખ

# અમરેલી : રાજુલાના વિકટર ગામની હેલ્થ કચેરીમાં ભીષણ આગ

### આગ એટલી ઝડપથી પ્રસરી હતી કે જોતજોતામાં કચેરીમાં રહેલો દવાનો જથ્થો તેની ઝપેટમાં આવી ગયો

| પ્રતિનિધિ, અમરેલી, તા.૧૦ |

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના વિકટર ગામે આવેલી બ્લોક હેલ્થ કચેરીમાં આજે અચાનક આગ ફાટી નીકળતા સમગ્ર પંથકમાં દોડધામ મચી ગઈ હતી. આગ એટલી ઝડપથી પ્રસરી હતી કે જોતજોતામાં કચેરીમાં રહેલો દવાનો જથ્થો તેની ઝપેટમાં આવી ગયો હતો.આગ લાગતાની સાથે જ કચેરી પરિસરમાં અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. ઘટનાની ગંભીરતા જોઈને સ્થાનિક લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા અને પાણીનો મારો ચલાવી આગને બુઝાવવાના પ્રયાસો હાથ ધર્યા હતા.ઘટનાની જાણ થતા જ રાજુલા ફાયર વિભાગ અને ૧૧૨ની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર ફાઈટરો દ્વારા સતત પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબુ મેળવી લેવાયો હતો. જેને પગલે મોટી હોનારત ટળી હતી.પ્રાથમિક વિગતો મુજબ, આ આગમાં હેલ્થ કચેરીમાં રાખવામાં આવેલ દવાનો જથ્થો બળીને ખાખ થઈ ગયો છે, જેના કારણે મોટું આર્થિક નુકશાન થયું હોવાનું મનાય છે. જોકે, સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર પ્રાપ્ત થયા નથી. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. વહીવટી તંત્ર દ્વારા આગ લાગવાના કારણો જાણવા માટે



તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના વિકટર ગામે આવેલી બ્લોક હેલ્થ કચેરીમાં આજે અચાનક આગ ફાટી નીકળતા સમગ્ર પંથકમાં દોડધામ મચી ગઈ હતી. આગ એટલી ઝડપથી પ્રસરી હતી કે જોતજોતામાં કચેરીમાં રહેલો દવાનો જથ્થો તેની ઝપેટમાં આવી ગયો હતો.આગ લાગતાની સાથે જ કચેરી પરિસરમાં અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. ઘટનાની ગંભીરતા જોઈને સ્થાનિક લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા અને પાણીનો મારો ચલાવી આગને બુઝાવવાના પ્રયાસો હાથ ધર્યા હતા.ઘટનાની જાણ થતા જ રાજુલા ફાયર વિભાગ અને ૧૧૨ની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર ફાઈટરો દ્વારા સતત પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબુ મેળવી લેવાયો હતો. જેને પગલે મોટી હોનારત ટળી હતી.પ્રાથમિક વિગતો મુજબ, આ આગમાં હેલ્થ કચેરીમાં રાખવામાં આવેલ દવાનો જથ્થો બળીને ખાખ થઈ ગયો છે.

## ધ્રાંગધ્રામાં રખડતા શ્વાનનો આતંક ૨૦૨૫ માં ૧૮૭૨ લોકો શિકાર બન્યા

| પ્રતિનિધિ, ધ્રાંગધ્રા, તા.૧૦ |

ધ્રાંગધ્રા તાલુકામાં રખડતા શ્વાનની સંખ્યામાં ચિંતાજનક વધારો થતાં નાગરિકોની સુરક્ષા જોખમાઈ છે. સરકારી હોસ્પિટલના સત્તાવાર આંકડા મુજબ, વર્ષ ૨૦૨૫ દરમિયાન કુલ ૧૮૭૨ વ્યક્તિઓ ડોગ બાઈટનો ભોગ બની છે. સરેરાશ દર મહિને ૨૦૦ થી ૨૫૦ નાગરિકો શ્વાન કરડવાથી સારવાર માટે આવી રહ્યા છે.ખાસ કરીને રહેણાંક સોસાયટીઓમાં બાળકો અને વૃદ્ધો માટે ઘરની બહાર નીકળવું મુશ્કેલ બન્યું છે. રસ્તા પર પસાર થતા ટુ-વ્હીલર ચાલકો પાછળ શ્વાન દોડતા હોવાથી અકસ્માતના બનાવોમાં પણ ધરખમ વધારો થયો છે. વારંવારની રજૂઆતો છતાં સ્થાનિક તંત્ર કોઈ નક્કર ઉકેલ લાવવામાં નિષ્ફળ રહ્યું છે. જવાબદાર વિભાગના અધિકારીઓ સુપ્રીમ કોર્ટના આદેશનો હવાલો આપી રખડતા શ્વાનને પકડી શકતા નથી તેમ જણાવી પોતાની જવાબદારીમાંથી છટકતા હોવાના આક્ષેપો ઉઠયા છે. તાજેતરમાં એકતા પાર્ક સોસાયટીમાં ૯ વર્ષની બાળકી પર થયેલા હુમલાએ તંત્રની પોલ ખોલી દીધી છે. હાઈકોર્ટના કડક વલણ છતાં સ્થાનિક સ્તરે રસીકરણ કે ખસીકરણ જેવી કોઈ કામગીરી ન થતા લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. નાગરિકો હવે તંત્ર પાસે રખડતા શ્વાનના ત્રાસમાંથી કાયમી મુક્તિની માંગ કરી રહ્યા છે.ધ્રાંગધ્રા તાલુકામાં રખડતા શ્વાનની સંખ્યામાં ચિંતાજનક વધારો થતાં નાગરિકોની સુરક્ષા જોખમાઈ છે. સરકારી હોસ્પિટલના સત્તાવાર આંકડા મુજબ, વર્ષ ૨૦૨૫ દરમિયાન કુલ ૧૮૭૨ વ્યક્તિઓ ડોગ બાઈટનો ભોગ બની છે. સરેરાશ દર મહિને ૨૦૦ થી ૨૫૦ નાગરિકો શ્વાન કરડવાથી સારવાર માટે આવી રહ્યા છે.

### રાજકોટ, વડોદરા, વલસાડ જિલ્લામાં પણ ૮ હજારથી વધુ કેસો

# ગુજરાતીઓમાં પેટની બીમારી વધી | ગેસ્ટ્રોના એક વર્ષમાં ૨.૧૫ લાખથી વધુ ઇમરજન્સી કેસ

| પ્રતિનિધિ, છોટા ઉદેપુર, તા.૯ |

ગુજરાતમાં ૨૦૨૫ના વર્ષમાં ૯૮,૫૮૨ હૃદયરોગ અને ૧,૩૧,૭૩૨ શ્વસનતંત્રના રોગોના ઈમરજન્સી કોલ ૧૦૮ ઉપર આવ્યા હતા પરંતુ, આ બન્ને રોગ કરતા પણ જેના પર ઓછુ ધ્યાન જતું હોય છે તે પેટના રોગો (એબડોમીનલ પેઈન) સૌથી વધુ નોંધાય છે. વર્ષમાં પેટના દુખાવાથી હોસ્પિટલે પહોંચવાની જરૂર પડી હોય તેવા ઈમરજન્સી કેસો ૨,૧૫,૪૩૮ નોંધાયા છે જે ગત વર્ષ કરતા ૨૦હજારનો અને ઈ.સ.૨૦૨૩ કરતા ૫૨,૦૦૦નો અર્થાત બે વર્ષમાં ૩૧ ટકાનો વધારો થયો છે.

જેમ શહેર મોટુ તેમ પેટના રોગો વધારે જોવા મળ્યા છે. કૂલ ૨.૧૫ લાખ કેસોમાં આશરે ૬૧ હજાર કેસો તો માત્ર અમદાવાદ જિ.માં અને



૨૬ હજાર કેસો સુરતમાં છે જે કૂલ કેસોના ૪૦ ટકાથી વધારે છે. આ ઉપરાંત રાજકોટ, વડોદરા, વલસાડ જિલ્લામાં પણ ૮ હજારથી વધુ કેસો છે અને તાપી જિલ્લામાં વસ્તી માત્ર ૯ લાખની (રાજકોટથી ત્રીજા ભાગથી ઓછી) છતાં ત્યાં ૭ હજારથી વધુ કેસો છે. ઉલ્લેખનીય છે કે પેટના આ રોગો એ પ્રસુતાની પીડાના (પ્રેગનન્સી સંબંધી) ૩.૭૬ લાખ કેસથી જુદા છે. પેટમાં વધુ પડતી ગરબડ થાય અને એમ્બ્યુલન્સ બોલાવવી પડી તેના મુખ્ય કારણોમાં (૧) અપચો,ગેસ,કબજીયાત (૨) ભેળસેળિયો ખોરાક, ઝાડા (૩) સ્ટમક ફ્લુ એટલે કે વાયરસથી ફેલાતા રોગો (૪) લાંબા સમય ધ્યાન નહીં રાખતા ગેસ્ટ્રીટીઝ, એપેન્ડીસિટીઝ, ગોલ સ્ટોન (પિતાશયની પથરી) અને તેના કારણે પેન્ક્રીયાટિટીસ ઉપરાંત મૂત્રમાર્ગમાં ઈન્ફેક્શન (યુ.ટી.આઈ.) થવા (૪) ચિંતાથી પેટમાં થતી ગરબડના પગલે થતા ક્રોનિક (લાંબા સમયના) આઈ.બી.એસ. , આઈ.બી.ડી. ઉપરાંત (૫) અનિયંત્રીત એસિડીટીથી એસીડ રિફ્લક્સ, ગર્ડ, અલ્સરવ વગેરે સમાવિષ્ટ છે. આ ઉપરાંત પેટમાં દુખાવા માટે શારિરીક અને માનસિક અનેક કારણો હોય છે.

ગુજરાતમાં ૨૦૨૫ના વર્ષમાં ૯૮,૫૮૨ હૃદયરોગ અને ૧,૩૧,૭૩૨ શ્વસનતંત્રના રોગોના ઈમરજન્સી કોલ ૧૦૮ ઉપર આવ્યા હતા પરંતુ, આ બન્ને રોગ કરતા પણ જેના પર ઓછુ ધ્યાન જતું હોય છે તે પેટના રોગો (એબડોમીનલ પેઈન) સૌથી વધુ નોંધાય છે.

## કઠલાલની સરકારી હોસ્પિટલના મેડિકલ વેસ્ટનો જાહેરમાં નિકાલ | તપાસની માંગ

| પ્રતિનિધિ, નડિયાદ, તા.૧૦ |

કઠલાલ સરકારી હોસ્પિટલ દ્વારા મેડિકલ વેસ્ટના નિકાલમાં ગંભીર બેદરકારી દાખવવામાં આવી રહી હોવાની ઘટના સામે આવી છે. હોસ્પિટલ કેમ્પસમાં મેડિકલ વેસ્ટનો યોગ્ય રીતે નિકાલ કરવાને બદલે તે ખુલ્લામાં નાખવામાં આવતા રખડતા જાનવરો આ કચરાને ખેંચીને જાહેર રોડ સુધી લઈ આવે છે. લોહીવાળા પાટા, વપરાયેલી સિરિંજ અને અન્ય જોખમી કચરો રસ્તા પર ફેલાઈ રહ્યો હોવાથી સ્થાનિક રહિશો અને હોસ્પિટલે આવતા દર્દીઓના સ્વાસ્થ્ય સામે મોટું જોખમ ઉભું થયું છે.કઠલાલની સરકારી હોસ્પિટલમાં દરરોજ મોટી સંખ્યામાં દર્દીઓ સારવાર માટે આવતા હોય છે. નિયમ મુજબ મેડિકલ વેસ્ટનો નિકાલ સુરક્ષિત રીતે કરવાનો હોય છે, પરંતુ અહીં હોસ્પિટલ તંત્ર દ્વારા બેદરકારી દાખવવામાં આવી રહી છે. હોસ્પિટલના પાછળના ભાગે અથવા ખૂણામાં મેડિકલ વેસ્ટના ઢગલા કરી દેવામાં આવ્યા છે. આ કચરામાં પ્લાસ્ટિકની થેલીઓ, દવાનો વેસ્ટ અને સજકલ આઈટમ્સનો સમાવેશ થાય છે. આ કચરો જે જગ્યાએ નાખવામાં આવે છે ત્યાં કોઈ પ્રોપર ગેટ કે પ્રોટેક્શન ન હોવાથી કૂતરા અને અન્ય જાનવરો આ વેસ્ટને મોઢામાં ભરીને જાહેર માર્ગો પર ફેલાવે છે.

## પાલિતાણા ડિવિઝનમાં રૂપિયા ૪૫.૪૮ લાખની વીજચોરી ઝડપાઈ

| પ્રતિનિધિ, ભાવનગર, તા.૧૦ |

ભાવનગર વર્તૂળ કચેરી હેઠળના પાલિતાણા ડિવિઝનના પાંચ સબ ડિવિઝનમાં પીજીવીસીએલની અલગ-અલગ ટીમો દ્વારા વીજ ચેકિંગની કામગીરી કરવામાં આવી હતી. જેમાં કુલ ૧૧૫ કનેક્શનોમાં કુલ રૂ.૪૫.૪૮ લાખની વીજચોરી પકડાઈ હતી.ભાવનગર વર્તૂળ કચેરી હેઠળના પાલિતાણા ડિવિઝનના ગારિયાધાર-૧, ૨, પાલિતાણા ટાઉન, રૂલર અને પીથલપુર સબ ડિવિઝનમાં પીજીવીસીએલની ૫૧ ટીમો દ્વારા આજે વહેલી સવારથી વીજ ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

પીજીવીસીએલની ટીમોએ ૩૪૮ રહેણાંકી અને ૨૭ વાણિજ્ય મળી કુલ ૩૭૫ વીજ કનેક્શનોની ચકાસણી કરવામાં આવી હતી. જે પૈકી ૧૧૨ રહેણાંકી અને ૦૭ વાણિજ્ય મળી ૧૧૯ વીજ કનેક્શનોમાં કુલ રૂ.૪૫.૪૮ લાખની વીજ ચોરી પકડાતા વીજ તંત્ર દ્વારા દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી હતી.ભાવનગર વર્તૂળ કચેરી હેઠળના પાલિતાણા ડિવિઝનના પાંચ સબ ડિવિઝનમાં પીજીવીસીએલની અલગ-અલગ ટીમો દ્વારા વીજ ચેકિંગની કામગીરી કરવામાં આવી હતી. જેમાં કુલ ૧૧૫ કનેક્શનોમાં કુલ રૂ.૪૫.૪૮ લાખની વીજચોરી પકડાઈ હતી.૫૧ ટીમો દ્વારા આજે વહેલી સવારથી વીજ ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી.



### ૧૦૦૦ વર્ષ અને મંદિરના અંતિમ પુનઃનિર્માણના ૭૫ વર્ષ નિમિત્તે સોમનાથમાં ભવ્ય 'સોમનાથ સ્વાભિમાન પર્વ'ની ઉજવણી શરૂ

# સોમનાથમાં પહેલીવાર નીકળી નાગા સાધુઓની રવાડી । શૌર્યયાત્રામાં પીએમ મોદી આપશે હાજરી

## દિગમ્બર સાધુઓએ શસ્ત્ર પ્રદર્શન અને અંગકસરતના દાવ રજૂ કરી લાખો શ્રદ્ધાળુઓને મંત્રમુગ્ધ કર્યા

। પ્રતિનિધિ, ગીર સોમનાથ, તા.૧૦ ।

હજારો વર્ષોથી કરોડો લોકોની આસ્થાના કેન્દ્ર સમાન સોમનાથ મહાદેવના મંદિર પર થયેલા હિંસક આક્રમણના ૧૦૦૦ વર્ષ અને મંદિરના અંતિમ પુનઃનિર્માણના ૭૫ વર્ષ નિમિત્તે સોમનાથમાં ભવ્ય 'સોમનાથ સ્વાભિમાન પર્વ'ની ઉજવણી શરૂ થઈ છે. આ મહોત્સવના પ્રથમ દિવસે સોમનાથના ઈતિહાસમાં પહેલીવાર નાગા બાવાઓની ભવ્ય રવાડી નીકળતા સમગ્ર સોમનાથ નગરી શિવમય બની હતી.સામાન્ય રીતે જૂનાગઢ ભવનાથના મેળામાં જ જોવા મળતી નાગા સાધુઓની રવાડી પ્રથમવાર સોમનાથમાં યોજાઈ હતી. દિગમ્બર સાધુઓએ શસ્ત્ર પ્રદર્શન અને અંગકસરતના દાવ રજૂ કરી લાખો શ્રદ્ધાળુઓને મંત્રમુગ્ધ કર્યા હતા. અંદાજે ૫૦ વધુ કુશળ કલાકારોએ ઢોલ અને તાશાના તાલ સાથે એવું જોરદાર વાદન કર્યું હતું કે કલાકારોના જોશમાં ઢોલ પણ તૂટી ગયા હતા. હર હર મહાદેવ અને જય સોમનાથના નાદ સાથે સમગ્ર માર્ગ પર ભક્તિ અને શૌર્યનો અનોખો સંગમ જોવા મળ્યો હતો.




સ્વાભિમાન પર્વના ભાગરૂપે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે (૧૦મી જાન્યુઆરી) સાંજે ૫:૨૫ વાગ્યે સોમનાથ પધારશે. સોમનાથમાં રાત્રિ રોકાણ કરશે અને મહાદેવની વિશેષ પૂજા-અર્ચના કરશે. રવિવારે (૧૧ જાન્યુઆરી) સવારે ૬:૪૫ વાગ્યે શંખ સર્કલથી ભવ્ય શૌર્યયાત્રા પ્રસ્થાન થશે, જેમાં વડાપ્રધાન પોતે ઉપસ્થિત રહેશે. આ યાત્રા બાદ સદ્ભાવના ગ્રાઉન્ડ ખાતે પીએમ મોદી વિશાળ જનમેદનીને સંબોધિત કરશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગમન અને આ ઐતિહાસિક પર્વને સાક્ષી બનવા માટે ગુજરાતભરમાંથી લાખો લોકો ઉમટી રહ્યા છે. જેને લઈને ૨૦૦૦ એસ.ટી. બસો અને ૧૦૦૦ ખાનગી બસો ઉપરાંત ચાર મહાનગરોથી વિશેષ 'ટિકિટ વગરની' ટ્રેનો દોડાવવામાં આવી રહી છે. સદ્ભાવના મેદાન અને કાજલી ખાતે સેંકડો બસો અને હજારો ખાનગી કારના પાર્કિંગ માટે વિશાળ વ્યવસ્થા કરાઈ છે. સમગ્ર સોમનાથને છાવણીમાં ફેરવી દેવામાં આવ્યું છે અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો છે.

ઉલ્લેખનીય છે કે, ઈ.સ. ૧૦૨૬માં મહમૂદ ગઝનવી દ્વારા સોમનાથ પર કરવામાં આવેલા સૌથી હિંસક હુમલાને આ વર્ષે ૧૦૦૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. તે સમયે મંદિરે અનેક આક્રમણો સહ્યા હતા, પરંતુ મે-૧૯૫૧માં લોખંડી પુરુષ સરદાર પટેલના સંકલ્પથી મંદિરનું પુનઃનિર્માણ થયું હતું, જેના હવે ૭૫ વર્ષ (અમૃત મહોત્સવ) પૂર્ણ થઈ રહ્યા છે. આ પર્વ ભારતની અસ્મિતા અને સ્વાભિમાનનું પ્રતીક બની રહ્યું છે.

હજારો વર્ષોથી કરોડો લોકોની આસ્થાના કેન્દ્ર સમાન સોમનાથ મહાદેવના મંદિર પર થયેલા હિંસક આક્રમણના ૧૦૦૦ વર્ષ અને મંદિરના અંતિમ પુનઃનિર્માણના ૭૫ વર્ષ નિમિત્તે સોમનાથમાં ભવ્ય 'સોમનાથ સ્વાભિમાન પર્વ'ની ઉજવણી શરૂ થઈ છે.

---

### ખનીજ માફિયાઓ આધુનિક પદ્ધતિથી સરકારી તંત્રને પડકાર ફેંકી

# પંચમહાલમાં ખનીજ માફિયા બેફામ : વોટ્સએપથી અધિકારીઓની રેકી કરતા ઓડિયો મેસેજ વાઈરલ

। પ્રતિનિધિ, પંચમહાલ, તા.૧૦ ।

પંચમહાલ જિલ્લામાં ખનીજ માફિયાઓ આધુનિક પદ્ધતિથી સરકારી તંત્રને પડકાર ફેંકી રહ્યા છે. જિલ્લામાં અધિકારીઓની ગાડીઓની રેકી કરવા માટે સોશિયલ મીડિયાનો ઉપયોગ થતો હોવાનો ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. ' પંચમહાલના બંકા' નામના વોટ્સએપ ગ્રુપમાં અધિકારીઓના લોકેશન અને ઓડિયો મેસેજ શેર કરી ખનીજ ચોરીને અંજામ આપવામાં આવી રહ્યો છે, જેનાથી વહીવટી તંત્રમાં ભારે ખળભળાટ મચી ગયો છે.મળતી માહિતી અનુસાર, ખનીજ માફિયાઓએ અધિકારીઓની હિલચાલ પર નજર રાખવા માટે એક આખું જાળ બિછાવ્યું છે. 'પંચમહાલના બંકા' નામના ગ્રુપ માં અધિકારીઓ ક્યારે ઓફિસમાંથી બહાર નીકળે છે અને કયા રૂટ પર જઈ રહ્યા છે તેની પળેપળની માહિતી શેર કરવામાં આવે છે. ગોધરા અને કાલોલ વિસ્તારના રૂટ, ચોક્કસ લોકેશન અને સમયની વિગતો આ ગ્રુપમાં લાઈવ અપ ડેટ કરવામાં આવે છે.વાઈરલ થયેલા ઓડિયો મેસેજમાં સ્પષ્ટ સાંભળવા મળે છે કે માફિયાઓ અધિકારીઓની ગાડીઓનો પીછો કરી રહ્યા છે અને એકબીજાને એલર્ટ કરી રહ્યા છે.ખનીજ માફિયાઓના આ હાઈટેક નેટવર્કને કારણે ખાણ-ખનીજ વિભાગ અને પોલીસની કામગીરી નિષ્ફળ સાબિત થઈ રહી છે. જ્યારે પણ અધિકારીઓ ઓચિંતું ચેકિંગ કરવા નીકળે છે.

---

### પાટડીમાંથી રૂ. ૧.૫૩ લાખની ચાઇનીઝ દોરીના ૩૮૪ રીલ સાથે એક શખ્સ ઝડપાયો

। પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા ૧૦ ।

ઉતરાયણ પર્વને ગણતરીના દિવસો બાકી છે ત્યારે સુરેન્દ્રનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનું વેચાણ થતું હોવાની વ્યાપક ફરીયાદો ઉઠવા પામી છે. જેને ધ્યાને લઈને એસઓજી પોલીસ દ્વારા દસાડા તાલુકામાં પેટ્રોલીંગ હાથ ધર્યું હતું. પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે દસાડા તાલુકાના માનાવાડા ગામની સીમમાં આવેલ વાડીની ઓરડીમાંથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના ૩૮૪ રીલ (રૂ.૧.૫૩ લાખ)ના મુદામાલ સાથે સંજય સોનાજી અંબારિયા (રહે.માનાવાડા ગામ, તા.દસોડા)ને ઝડપી પાડી પાડયો હતો. ઝડપાયેલ શખ્સની પૂરછપરછ કરતા પ્રતિબંધીત દોરીના રીલ આદરિયાણા ગામના મયુરકુમાર નાનુભાઈ પાસેથી લાવ્યો હોવાનું બહાર આવ્યુ હતું. આથી એસઓજી પોલીસે બંને શખ્સો વિરુદ્ધ દસાડા પોલીસ મથકે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઉતરાયણ પર્વને ગણતરીના દિવસો બાકી છે ત્યારે સુરેન્દ્રનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનું વેચાણ થતું હોવાની વ્યાપક ફરીયાદો ઉઠવા પામી છે.

---

### હળવદ પંથકમાં ફિલ્ટર પ્લાન્ટ સહિત ૬૪ વીજ જોડાણોમાં ગેરરીતિ પકડાઇ

। પ્રતિનિધિ, હળવદ, તા.૧૦ ।

હળવદ ગ્રામ્ય પંથકમાં છેલ્લા કેટલાક સમયથી વીજ ચોરીના બનાવો જેવાકે લંગર મારી મીટરને બાયપાસ કરી વીજચોરી કરી રહ્યા હતા જેને પીજીવીસીએલની ટીમે રંગે હાથે ઝડપી પાડી રૂા. ૪૫ લાખનો દંડ ફટકાર્યો હતો.પ્રાપ્ત માહિતી મુજબ વીજ ચેકીંગ દરમિયાન હળવદ તાલુકાના ગૌરી ઘનશ્યામપુર, કોયબા, અજીતગઢ, ખોડ, મયાપુર, ચૂપણી, ખેતરડી, માણેકવાડા, રાતભેર, ડુંગરપુર, શિવપૂર વગેરે ગામડાઓમાં વગેરે વિસ્તારમાં વીજ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. ગામોમાં ૩૪ ટીમો દ્વારા કુલ ૪૨૫ વીજ કનેક્સન ચેક કરવામાં આવ્યા હતા. જેમાંથી ૬૩ રહેણાંકના કનેક્શનમાં ગેરરીતિ ઝડપાઇ હતી જે બદલ ૪૦.૦૬ લાખનો દંડ ફટકાર્યો હતો. અન્ય એક રાતભેર ગામે મહેન્દ્રભાઇ વાઘજીભાઇ રાજપૂતના પાણીના પ્લાન્ટમાં ચેકીંગ હાથ ધરવામાં આવતા વીજચોરી ઝડપાતા અંદાજીત ૪.૫૦ લાખ દંડ ફટકાર્યો હતો.હળવદ ગ્રામ્ય પંથકમાં કુલ ૩૪ ટીમો દ્વારા ૪૩૫ વીજ કનેક્શન ચેક કરવામાં આવ્યા હતા જેમાંથી ૬૩ રહેણાંક વીજ કનેક્શનમાં ગેરરીતિ ઝડપાઇ હતી. અને એક પાણીના ફિલ્ટર પ્લાન્ટમાં ગેરરીતિ ઝડપાઇ હતી કુલ ૪૫ લાખનો દંડ ફટકાર્યો હતો આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. વીજ ચેકીંગની વાત વેગે પ્રસરી હતી તેથી વીજ ચોરી કરતા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. હળવદ ગ્રામ્ય પંથકમાં છેલ્લા કેટલાક સમયથી વીજ ચોરીના બનાવો જેવાકે લંગર મારી મીટરને બાયપાસ કરી વીજચોરી કરી રહ્યા હતા જેને પીજીવીસીએલની ટીમે રંગે હાથે ઝડપી પાડી રૂા. ૪૫ લાખનો દંડ ફટકાર્યો હતો. ગામોમાં ૩૪ ટીમો દ્વારા કુલ ૪૨૫ વીજ કનેક્સન ચેક કરવામાં આવ્યા હતા. જેમાંથી ૬૩ રહેણાંકના કનેક્શનમાં ગેરરીતિ ઝડપાઇ હતી.







## તંત્રી લેખ..

# હવામાન પર ધ્યાન જરૂરી

કોરોના કાળમાં પર્યાવરણની સ્થિતીમાં સુધારો થયો છે પરંતુ હજુ વિશ્વના દેશોને અનેક પગલા લેવાની જરૂર દેખાઇ રહી છે. જો વિશ્વના દેશો સાથે નહીં મળે પર્યાવરણની સ્થિતીને હળવી કરવામાં સફળતા મળશે નહીં. હવામાન વિજ્ઞાન સંગઠન દ્વારા જારી કરવામાં આવેલા રિપોર્ટ ધ સ્ટેટ ઓફ ધ ગ્લોબલ ક્લાઇમેટ સમગ્ર વિશ્વ માટે ચેતવણી સમાન છે. આ દર્શાવે છે કે સરકારો દ્વારા પર્યાવરણને લઇને પુરતા પગલા લેવામાં આવ્યા નથી જેથી હવે પેરિસ સમજુતીના લક્ષ્યાંકને હાંસલ કરવામાં મુશ્કેલી થશે. સમયસર લક્ષ્યાંકને હાંસલ કરવાની બાબત તો દુરની છે. આ લક્ષ્યાંક તો મોડેથી પણ પૂર્ણ કરી શકાય તેવી સ્થિતી દેખાતી નથી. સ્થિતી સુધરવાના બદલે દિન પ્રતિદિન બગડી રહી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થઇ રહ્યો નથી. જેથી છેલ્લા ચાર વર્ષના ગાળામાં ધરતીના તાપમાનમાં સતત વધારો થઇ રહ્યો છે. વર્ષ ૨૦૨૨માં પૂર્વ ઔદ્યોગિક સમયની તુલનામાં તાપમાન એક ડિગ્રી ઉપર પહોંચી ગયુ હતુ. જ્યારે પેરિસ સમજુતીમાં આ વધારો સદીના અંત સુધી બે ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચે તેવી વાત કરવામાં આવી છે. જાણકાર પર્યાવરણ વૈજ્ઞાનિકો અને નિષ્ણાંતો કહે છે કે જો આવી જ રીતે તાપમાન વધશે તો લક્ષ્યને ક્યારેય હાંસલ કરી શકાશે નહીં. કાર્બન ડાયોક્સાઇડનુ સ્તર ૧૯૯૪માં ૩૫૭ પીપીએમ (પાર્ટસ પર મિલિયન ) હતુ. જે વર્ષ ૨૦૧૭માં વધીને ૪૦૫.૫ પીપીએમ સુધી પહોંચી ગયુ હતુ. ગ્રીન હાઉસ ગેસના વધતા ઉત્સર્જનના કારણે દરિયાઇ સપાટીમાં પણ સતત વધારો થઇ રહ્યો છે. વર્ષ ૨૦૧૭ની તુલનામાં તેમાં ૨૦૧૮માં ૩.૭ મિલિમીટરનો વધારો થયો હતો. વર્ષ ૨૦૨૦માં તેમાં વધુ સુધારો થયો હતો. આ ઉપરાંત દરિયાઇ જળમાં અમ્લિયત વધી રહી છે. જેના કારણે મુંગા જીવજન્તુના મોત થઇ રહ્યા છે. પાણીમાં રહેતા જીવ જન્તુની લાઇફ પર ગંભીર ખતરો તોળાઇ રહ્યો છે. ગ્લેશિયરોના કદમાં ઘટાડો થઇ રહ્યો છે. હવામાનની સ્થિતી બદલાઇ રહી છે. ક્યારેય ઉત્તરીય યુરોપમાં પ્રલયકારી વરસાદ થઇ રહ્યો છે. કેટલીક વખત શિકાગો ઉત્તરીય ધ્રુવ કરતા પણ વધારે ઠંડા સ્થળમાં ફેરવાઇ જાય છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે ગયા વર્ષે કેરળમાં અસામાન્ય વરસાદના કારણે પૂરની સ્થિતી સર્જાઇ ગઇ હતી. ગુતેરેસે આ બાબતની ચિંતા પ્રગટ કરી હતી કે જળવાયુ પરિવર્તન તેને ઘટાડી દેવાના કરવામાં આવી રહેલા પ્રયાસો કરતા વધારે ઝડપથી આગળ વધે છે. તેઓએ આ સમસ્યાને ઉકેલવા માટે પગલા લેવા વૈશ્વિક દેશોને અપીલ કરી હતી. સાથે સાથે વિશ્વના ટોપ નેતાઓને નક્કર પગલા લેવા માટે યોજના સાથે આવવા માટે અપીલ કરી છે. જળવાયુ પરિવર્તનની સમસ્યા સમગ્ર દુનિયાની સમસ્યા છે. તેનો સામનો સાથે મળીને કરી શકાય છે.

# કરોડો ટન બરફ કેમ ઓગળી રહી છે

ગ્રીનલેન્ડ અને આર્કટિકમાં કરોડો ટન બરફ કેમ ઓગળી રહી છે ? આ પ્રશ્ન હાલમાં તમામ સંબંધિત નિષ્ણાંતો અને વૈજ્ઞાનિકોને સતાવી રહ્યો છે. આના કારણે ચિંતા પણ પ્રવર્તી રહી છે. ગ્રીનલેન્ડમાં તો એક જ દિવસમાં ૨૦૦ કરોડ ટન બરફ ઓગળી જવાની બાબત ગંભીર ચિંતા ઉપજાવે છે. તાપની સાથે સાથે પવની દિશામાં ફેરફાર પણ આના માટેના કારણ તરીકે છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે આર્કટિક વૃત પૃથ્વીના આશરે ૧-૬ ભાગ પર ફેલાયેલ છે. તેમાં પૃથ્વીના ઉત્તરીય ધ્રુવ અને ઉત્તરીય ધ્રુવીય મહાસાગર તેમજ તેમની સાથે જોડાયેલા આઠ આર્કટિક દેશ કેનેડા, ગ્રીનલેન્ડ, રશિયા, અલાસ્કા, ાઇસલેન્ડ, નોર્વે, સ્વીડન અને ફિનલેન્ડના ભૂ ભાગ સામેલ છે. હાલના દિવસોમાં આર્કટિક રીજનના ગ્રીનલેન્ડમાં અભૂતપૂર્વ રીતે એક દિવસમાં ૨૦૦ કરોડ ટનથી વધારે બરફ ઓગળી ગઇ હતી. જે કુલ બરફ પૈકી ૪૦ ટકા હિસ્સા તરીકે છે. ગ્રીનલેન્ડમાં ખુબ વધારે પ્રમાણમાં બરફ છે પરંતુ જુનના મધ્ય ભાગમાં આટલા પ્રમાણમાં બરફ ઓગળી જવાની બાબત અસામાન્ય તરીકે છે. સામાન્ય રીતે ગ્રીનલેન્ડમાં જુનથી ઓગષ્ટના ગાળા દરમિયાન બરફ ઓગળે છે. પરંતુ સૌથી વધારે જુલાઇ મહિનામાં બરફ ઓગળે છે. આ અંદાજ લગાવવા માટે કે કેટલા પ્રમાણમાં બરફ ઓગળતી હશે કોલંબિયા વિવિના કહેવા મુજબ કલ્પના કરો કે વોશિગ્ટનના નેશનલ મોલ ૩૦૯ એકર વિસ્તારમાં છે. તેને પૂર્ણ રીતે બરફથી ભરી દેવામાં આવે અને તેની ઉંચાઇ વોશિગ્ટન સ્મારક (૧૬૯ મીટર)થી આઠ ગણી કરી દેવામાં આવે તો તેની ગણતરી આ રીતે થાય છે. જોર્જિયા વિવિમાં ગ્રીનલેન્ડના જળવાયુ અંગે અભ્યાસ કરી રહેલા થોમસ મોટે કહ્યુ છે કે આ અસામાન્ય છે. પરંતુ અભૂતપૂર્વ નથી. આ પહેલા જુન ૨૦૧૨માં પણ આવી જ ઘટના બની હતી. એ વખતે પણ આટલી જ બરફની ચાદર ઓગળી ગઇ હતી. આટલા મોટા પ્રમાણમાં બરફ ઓગળી જવાની બાબત જળવાયુ પરિવર્તનના એલાર્મ તરીકે છે. સંયુક્ત રાષ્ટ્રના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે વર્ષ ૨૦૧૬માં બરફ ઓગળી જવાની ગતિ તીવ્ર રહી હતી. રિપોર્ટ મુજબ વર્ષ ૨૦૧૬થી આર્કટિકના આશરે એક કરોડ ૧૧ લાખ વર્ગ કિલોમીટરમાં બરફ ઝડપથી ઓગળી રહી છે. વર્ષ ૨૦૧૬માં ગતિ છેલ્લા ૩૦ વર્ષમાં સૌથી વધારે રહી હતી. જેના કારણે આશરે ૧૨.૭ લાખ વર્ગ કિલોમીટર ક્ષેત્રમાં બરફ ઓગળી ચુકી છે. વર્ષ ૨૦૧૬માં આર્કટિક ક્ષેત્રના કેટલાક હિસ્સામાં છેલ્લા ૩૦ વર્ષમાં સૌથી વધારે બરફ ઓગળી ગઇ. ૭.૩ ડિગ્રી સેલ્સિયસ વધારે તાપમાન નોંધાયુ છે. આ તાપમાન વર્ષ ૧૯૮૦ની તુલનામાં ૭.૩ ડિગ્રી વધારે છે. જે કેટલાક સાફ સંકેતો આપે છે. આ સદીના સૌથી મોટા ફેરફાર તરીકે પણ છે. નિષ્ણાંતો અને વૈજ્ઞાનિકો કહે છે કે બરફ સુર્યની કિરણોને પરાવર્તિત કરી નાંખે છે. જેના કારણે ગરમી ઓછી રહે છે. જે બરફને ઓગળવાથી રોકે છે. આને એલ્બેડોકહેવામાં આવે છે. ઓગળવાની આ ઘટના અહીંની સપાટી પરએલ્બેડોમાં પરિવર્તનના કારણે થાય છે. જેના કારણે સુર્યની કિરણો અવશોષિત થાય છે. સાથે સાથે બરફ ઓગળવાના કારણે બને છે. આ ઘટનાઓને જોતા લાગે છે કે વર્ષ ૨૦૨૩માં સર્વાધિક બરફ ઓગળે તેવી શકયતા છે.



**આજકાલ**

લેખક : દીપક જગતાપ

**મંગળ પર અસ્થાયીરૂપે રહેવા માટે અવકાશયાત્રીઓએ પાણી અને બળતણ સહિત કેટલીક આવશ્યકતાઓનું ઉત્પાદન કરવું પડશે**

**વૈજ્ઞાનિકો માને છે કે આ સિસ્ટમ મંગળ અને તેનાથી આગળના અંતરિક્ષ યાત્રામાં વ્યૂહાત્મક પરિવર્તન લાવશે ઘણા સંશોધન માં મંગળ પર જીવન (જીવન પર મંગળ)નો સંકેત આપવામાં આવ્યો છે**

# મંગળ ગ્રહ પરના પાણીમાંથી ઓક્સિજન અને હાઇડ્રોજન બળતણ બનાવી શકાશે !

**આ પદ્ધતિની મુખ્ય સમસ્યા એ છે કે, જોકે માનવી જાણે છે કે તેને કેવી રીતે ચલાવવું, પૃથ્વી પર અમારી પાસે હાઇડ્રોજન સંબંધિત કોઈ ઇન્ફ્રાસ્ટ્રક્ચર નથી જે તેનો વધુ સામાન્ય રીતે ઉપયોગ કરી શકે**

ભારતીય મૂળના વૈજ્ઞાનિકની આગેવાની હેઠળ કાર્યરત વૈજ્ઞાનિક ટીમે નવી સિસ્ટમ વિકસાવી છે. આ સહાયથી મંગળ પરના મીઠા પાણીમાંથી ઓક્સિજન અને હાઇડ્રોજન બળતણ બનાવી શકાય છે.

વૈજ્ઞાનિકો માને છે કે આ સિસ્ટમ મંગળ અને તેનાથી આગળના અંતરિક્ષ યાત્રામાં વ્યૂહાત્મક પરિવર્તન લાવશે.ઘણા સંશોધન માં મંગળ પર જીવન (જીવન પર મંગળ) નો સંકેત આપવામાં આવ્યો છે. આ નવી સિસ્ટમથી આ બાબતોને વધુ શક્તિ મળશે. સંશોધનકારોના મતે મંગળ ખૂબ ઠંડુ છે. આ હોવા છતાં, ત્યાં પાણી જામતું નથી. એવું ઉભા કરવામાં આવી રહ્યા છે કે ત્યાં પાણીમાં ઘણું મીઠું (આલ્કલી) હોઈ શકે છે, જેનાથી તેના થીજેલા તાપમાનમાં ઘટાડો થાય છે.





**બળતણ બનાવવાના પ્રયત્નો ચાલુ રહે છે**

વૈજ્ઞાનિકોએ કહ્યું છે કે વીજળીની મદદથી જળના કમ્પાઉન્ડને ઓક્સિજન અને હાઈડ્રોજન ઈંધણમાં રૂપાંતરિત કરવા માટે સૌ પ્રથમ પાણીને કાપનારને અલગ પડવો પડશે. આવી મુશ્કેલ પરિસ્થિતિમાં, આટલી લાંબી અને ખર્ચાળ પ્રક્રિયા સાથે, તે મંગળના વાતાવરણ મુજબ જોખમી રહેશે. સંશોધનકારોની ટીમનું નેતૃત્વ યુએસની વોશિંગ્ટન યુનિવર્સિટીમાં પ્રોફેસર વિજય રામાણી કરી રહ્યા છે.

તેઓએ મંગળના વાતાવરણની પરિસ્થિતિ અનુસાર માઈનસ ૩૬ ડિગ્રી સેલ્સિયસથી નીચે તાપમાને આ સિસ્ટમનું પરીક્ષણ કર્યું છે.

વૈજ્ઞાનિક વિજય રામાણીએ કહ્યું કે અમારું ઈલેક્ટ્રોલાઈઝર, જે મંગળની સ્થિતિ હેઠળ પાણીને બે પ્રવાહીમાં વિભાજીત કરે છે, તે મંગળ અને તેના પારના મિશનની વ્યૂહાત્મક ગણતરીને સંપૂર્ણપણે બદલશે. આ તકનીક પૃથ્વી પર પણ એટલી જ ઉપયોગી છે, જ્યાં સમુદ્ર ઓક્સિજન અને બળતણ (હાઈડ્રોજન) નો સદ્ધર સ્રોત છે.

સંશોધનકારોએ જણાવ્યું છે કે મંગળ પર અસ્થાયીરૂપે રહેવા માટેઅવકાશયાત્રીઓએ પાણી અને બળતણ સહિત કેટલીક આવશ્યકતાઓનું ઉત્પાદન કરવું પડશે.

નાસાના પર્સિવરન્સ રોવર હાલમાં મંગળની યાત્રા કરી રહ્યા છે. તેણે તેની સાથે આવા ઉપકરણો લીધા છે.જે ઉચ્ચ તાપમાન આધારિત વિદ્યુત વિચ્છેદનનો ઉપયોગ કરશે. જો કે, રોવર દ્વારા મોકલેલો સાધન મંગળ ઓક્સિજન ઈન-સીટુ રિસોર્સ યુટિલાઈઝેશન પ્રયોગ (મોક્સી) વાતાવરણમાંથી કાર્બન ડાયોક્સાઈડ લઈને ફક્ત ઓક્સિજન બનાવશે. પાણીમાંથી ઓક્સિજન મેળવવા માટેની આ નવી પદ્ધતિનો ઉપયોગ અવકાશમાં થઈ શકે છે.

આપણા રોજિંદા જીવનને ઉર્જા બનાવવા માટે સૂર્યનો ઉર્જાના સ્રોત તરીકે ઉપયોગ કરવો એ એક સૌથી મોટો પડકાર છે. જેનો આપણે પૃથ્વી પર સામનો કરવો પડતો નથી. આ રીતે, અમે નવીનીકરણીયઉર્જા સ્રોતો પર વિશ્વાસ મૂકીએ તેલનો વપરાશ કરવાનું બંધ કરતાં, સંશોધનકારો ઉપયોગ કરવાની સંભાવનામાં રસ લેવાનું શરૂ કરે છે. બળતણ તરીકે હાઈડ્રોજન.

આ લક્ષ્યને હાંસલ કરવાની શ્રેષ્ઠ રીત એ છે કે પાણીને તેના બે ઘટકો, હાઈડ્રોજન અને ઓક્સિજનમાં વહેંચવું. તરીકે ઓળખાતી એકદમ જટિલ પ્રક્રિયાનો ઉપયોગ કરીને આજે આ શક્ય છે. વિદ્યુત વિચ્છેદનમૂળભૂત રીતે આ પદ્ધતિ જે કરે છે તે એક નમૂના દ્વારા વર્તમાનને મોકલવામાં આવે છે જેમાં દ્રાવ્ય ઈલેક્ટ્રોલાઈટ હોય છે. આનાથી પાણી ઓક્સિજન અને હાઈડ્રોજનમાં વિભાજિત થાય છે. જે બે ઈલેક્ટ્રોડ્સ પર અલગથી મુક્ત થાય છે.

આ પદ્ધતિની મુખ્ય સમસ્યા એ છે કે, જોકે માનવી જાણે છે કે તેને કેવી રીતે ચલાવવું, પૃથ્વી પર અમારી પાસે હાઈડ્રોજન સંબંધિત કોઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર નથી જે તેનો વધુ સામાન્ય રીતે ઉપયોગ કરી શકે. અમે ઉદાહરણ તરીકે ચાર્જિંગ સ્ટેશનો વિશે વાત કરી રહ્યા છીએ.

દુર્ભાગ્યે, આ બધી શોધો હોવા છતાં, સત્ય એ છે કે તે હજી પણ છે લાંબા સમય સુધી મનુષ્ય અવકાશમાં ટકી શકે તે સુનિશ્ચિત કરવાની રીત અમે શોધી શકી નથી. એક મુખ્ય પડકાર કે જેનો આપણે સામનો કરવો પડ્યો છે અને તેનું નિરાકરણ કરવું તે એ છે કે અવકાશયાત્રીઓને શ્વાસ લેવા માટે પૂરતા પ્રમાણમાં ઓક્સિજન પરિવહન કરવામાં સમર્થ થવું, જે કંઈક સૂચવે છે કે આપણી સાથે પૂરતું બળતણ વહન કરે છે જેનો ઉપયોગ જટિલ ઈલેક્ટ્રોનિક ઘટકોનો ઉપયોગ કરવા માટે થવો જોઈએ.

આ તબક્કે માણસો લાંબા સમય સુધી અંતરિક્ષમાં જીવી શકે તે પહેલાં હજી લાંબી મજલ બાકી છે. વૈજ્ઞાનિક ટીમે હાઈડ્રોજન ઉત્પન્ન કરવાની પદ્ધતિ વિકસાવવા સિવાય કશું જ પ્રાપ્ત કર્યું નથી, જેનો ઉપયોગ બળતણ અને પાણીમાંથી ઓક્સિજન તરીકે થશે. આ માટે તમારે એ નો ઉપયોગ કરવો જ જોઈએ સેમિકન્ડક્ટર સામગ્રી અને સૂર્યપ્રકાશ અથવા સ્ટારલાઈટ. આ તકનીકનો ઉપયોગ શૂન્ય ગુરુત્વાકર્ષણમાં થઈ શકે છે, જે તે જગ્યામાં કરવા માટે મહત્વપૂર્ણ છે.



**હેન્ડીક્રાફ્ટ માર્કેટનુ કદ ૯૮૫ અબજ ડોલર સુધી ટુંકમાં જશે...**

**આ સર્વેમાં દાવો કરવામાં આવ્યો છે કે વર્ષ ૨૦૨૩ સુધી હેન્ડીક્રાફ્ટ પ્રોડક્ટસમાં માર્કેટ કદ ૯૮૫ અબજ ડોલર સુધી પહોંચી શકે છે જેમાં સૌથી વધારે માંગ ઇમિટેશન, જ્વેલરી, માર્બલ ક્રાફ્ટ, જરી પ્રોડક્ટસ, કારપેટનો સમાવેશ થાય છે**

# હેન્ડીક્રાફ્ટ પ્રોડક્ટ સેલનો ક્રેઝ વધ્યો

**હેન્ડીક્રાફ્ટ ચીજોને વેચવા માટે કારોબારીઓ ઓનલાઇન ઉપરાંત કેટલાક અન્ય વિકલ્પનો ઉપયોગ કરી શકે અને જંગી કમાણી કરી શકે**

હેન્ડીક્રાફ્ટ પ્રોડક્ટસ માર્કેટનુ કદ રોકેટ ગતિથી વધી રહ્યુ છે. આવનાર સમયમાં તેમાં વધારે તેજી આવવાના સંકેત દેખાઇ રહ્યા છે. હેન્ડીક્રાફ્ટ પ્રોડક્ટ સેલને લઇને હવે ઉદ્યોગસાહસિકો પણ લોકોની પસંદ મુજબ નવા નવા પ્રયોગ કરી રહ્યા છે. આર્ટિજન પ્રોડક્ટની માંગ વૈશ્વિક સ્તર પર ૮-૯ ટકા વાર્ષિક દરે વધી રહી છે. આમાં ભારત ઉપરાંત ચીન અને અફઘાનિસ્તાનની ચીજોની માંગ સૌથી વધારે જોવા મળી રહી છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક સર્વે બાદ તેના તારણો જારી કરવામાં આવ્યા હતા. જેનાથી જાણી શકાય છે કે હેન્ડીક્રાફ્ટ માર્કેટનુ કદ કેટલી ઝડપથી વધી રહ્યુ છે. આ સર્વેમાં દાવો કરવામાં આવ્યો છે કે વર્ષ ૨૦૨૩ સુધી હેન્ડીક્રાફ્ટ પ્રોડક્ટસમાં માર્કેટ કદ ૯૮૫ અબજ ડોલર સુધી પહોંચી શકે છે. જેમાં સૌથી વધારે માંગ ઈમિટેશન, જ્વેલરી, માર્બલ ક્રાફ્ટ, જરી પ્રોડક્ટસ, કારપેટનો સમાવેશ થાય છે. દેશમાં પણ છેલ્લા પાંચ વર્ષના ગાળામાં હેન્ડીક્રાફ્ટ પ્રોડક્ટસ માર્કેટનુ કદ સતત વધી રહ્યુ છે. મેકિંગ અને માર્કેટિંગથી લઇને વધારે જાણરુકતા જોવા મળી રહી છે. આ જ કારણસર ઓનલાઇન એવા પ્રોડક્ટસની ઉપલબ્ધતા પણ વધી ગઇ છે. ભારતમાં ૧૭ ટકા કરતા વધારે ઐર્ટિજન અને ટ્રાઇબ્સ એવા છે જેના દ્વારા સ્ટાર્ટ અપ તરીકે આવા પ્રોડક્ટસ મેકિંગની ફરી શરૂઆત કરી છે. ચીજોની યોગ્ય કિંમતો અને માર્કેટિંગ માટે ઓનલાઇન સેલ ઉપરાંત તેમની પાસે કેટલાક અન્ય વિકલ્પ રહેલા છે. આ વિકલ્પને લઇને પણ ચર્ચા છે. ઓનલાઇન પ્રોડક્ટસ સેલ કરવાની બાબત ગ્રામીણ ક્ષેત્રોમાં રહેતા લોકોની જરૂરિયાતને પૂર્ણ કરવા માટે ઉપયોગી બની શકે છે પરંતુ આ પડકાર છે. ઓનલાઇન પ્રોડક્ટ સેલ કરવાની બાબત ગ્રામીણ વિસ્તારમાં રહેતા હેન્ડીક્રાફ્ટ પ્રોડક્ટસ મેકર માટે પડકારરૂપ છે. જાણકાર લોકો કહે છે કે ેમેટ્રો શહેરોમાં હવે વીક ડે માર્કેટની બોલબાલા દેખાઇ રહી છે. શહેર ઉપરાંત અલગ અલગ વિસ્તારમાં એક એક દિવસે આવા અસ્થાયી માર્કેટ લાગતા રહે છે. જ્યાં તમામ પ્રકારની વસ્તુઓ મળે છે. હેન્ડીક્રાફ્ટ સાથે જોડાયેલા કારોરાબારી માટે આ વિકલ્પ ખુબ સારા વિકલ્પ તરીકે છે. આના માટે આવા ઉદ્યોગસાહસિકોને તેમના આસપાસના શહેરોમાં લાગતા માર્કેટ અંગે માહિતી મેળવી લેવાની જરૂર હોય છે. રિસર્ચ કરવામાં આવ્યા બાદ તેઓ આ માર્કેટમાં પહોંચનાર લોકોની જરૂરિયાતની માગ મુજબ પ્રોડક્ટસ બનાવી શકે છે. આવા માર્કેટમાં વધારે માંગ ફેસન ડેકોર સાથે જોડાયેલી ચીજોની રહે છે. કેફે કમ આર્ટ ગેલેરી વાળી આ જગ્યાને પણ પ્રોડક્સ સેલ માટે વિકલ્પ તરીકે ઉપયોગ કરી શકાય છે. એક સ્થાયી અને અસ્થાયી કાઉન્ટર તેમજ એક કોન્ટ્રાકટની સાથે બિઝનેસને અહીં સ્ટાર્ટ કરવામાં આવી શકે છે. પ્રવાસી સ્થળની નજીક આની ખાસ બોલબાલા રહે છે. ખાસ કરીને રાજસ્થાની હેન્ડીક્રાફ્ટ મેકર માટે પ્રવાસી સ્થળ વધારે સાનુકુળ અને આદર્શ તરીકે રહે છે.પોપ અપ સ્ટાર પણ વિકલ્પ તરીકે છે. આ એવા સ્ટોર હોય છે જે સિઝન અથવા તો ફેસ્ટિવલ મુજબ કામ કરે છે. જો કે તેમની સંખ્યા ખુબ ઓછી હોય છે. આવી સ્થિતીમાં સ્ટોર સંચાલક સાથે તમે સંપર્ક કરી શકો છો. અહીં કમીશન કોન્ટ્રાક્ટ માટે તમે હેન્ડીક્રાફ્ટ પ્રોડક્ટસ વેચી શકો છો. સ્થાનિક અને દેશના જુદા જુદા હિસ્સામાં આયોજિત થનાર ફેસ્ટિવલ ફેયર અથવા તો શોપિંગ કાર્નિવલમાં જતા એવા સ્ટોર માલિકથી તમે સંપર્ક કરી શકો છો. આવી સ્થિતીમાં સેલમાં વધારો થઇ શકે છે. સરકારી ક્રાફ્ટ ફેયર ઉપરાંત આર્ટિજન સ્કુલ, કોલેજ અને સોશિલ કોમ્યુનિટી તરફથી લાગતા મેળામાં પણ પોતાની ચીજો રજુ કરી શકાય છે. આવા મેળા મારફતે સેલમાં વધારો થાય છે. આના માટે માર્કેટિંગનો રસ્તો પણ ખુલી જાય છે. કેટલાક લોકો કહે છે કે ચેરિટી ઈવેન્ટસનો ઉપયોગ પણ આવા પ્રોડક્ટસના વેચાણ માટે કરવામાં આવી શકે છે. આનો ઉપયોગ બિઝનેસ પ્લેટફોર્મ તરીકે કરવામાં આવી શકે છે. આ ઈવેન્ટસ સાંસ્કૃતિક, ધાર્મિક અને ફન ફેયર સાથે સંબંધિત હોય છે.




# વર્ષ ૨૦૨૨માં ૮.૮૬ લાખ કરોડ રૂપિયા સાઇબર સિક્યુરિટી પર દુનિયામાં ખર્ચ કરાયા

સાઈબર સિક્યુરિટી પર અબજો ડોલરનો ખર્ચ કરવામાં આવ્યો હોવા છતાં દુનિયા હૈકર્સનો તોડ શોધી કાઢવામાં સફળ રહી નથી. આ એવી સરકારો માટે ચેતવણી સમાન છે જે ગંભીર નથી અને આનો ઉકેલ શોધી કાઢવા માટે પ્રયાસ પણ કરી રહી નથી. હૈકર્સ પર અંકુશ મુકવા માટે અમેરિકા અને ભારત સહિતના દેશોમાં વિવિધ પગલા સતત લેવામાં આવી રહ્યા છે છતાં હાલત કફોડી બનેલી છે. સમગ્ર દુનિયાના દેશો વર્ષ ૨૦૨૨માં સાઈબર સિક્યુરિટી પર ૮.૮૬ લાખ કરોડ રૂપિયા ખર્ચ કરી ચુકી છે. આનાથી પણ મોટી બાબત એ છે કે વર્ષ ૨૦૨૩માં સાઈબર સુરક્ષા ખર્ચનો આંકડો ૯.૫૫ લાખ કરોડ સુધી પહોંચી જવાનો અંદાજ છે. અન્ય આંકડા દર્શાવે છે કે દરેક ૩૯ સેકન્ડમાં હૈકર્સ એક વેબસાઈટને હૈક કરી નાંખે છે. મેરીલેન્ડ યુનિવર્સિટીના આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. ભારતની વાત કરવામાં આવે તો ગયા વર્ષમાં ભારતમાં સાઈબર સુરક્ષા પર ૧.૧૭ લાખ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ ખર્ચ વધીને ૧.૩૧ લાખ કરોડ સુધી પહોંચી જવાનો અંદાજ છે. સાઈબર સુરક્ષામાં ખર્ચમાં ૧૨.૫ ટકા સુધીનો વધારો થઈ શકે છે. કેટલાક મામલામાં તો હૈકર્સ એટલી સંવેદનશીલ ચીજો હૈક કરી રહ્યા છે કે સંબંધિતોને હૈકર્સની માંગ પર પૈસા ચુકવી દેવાની ફરજ પડી રહી છે. સાઈબર સુરક્ષા ફર્મ રેક્સ સ્થાપક જેક વિલિયમ્સ કહે છે કે સાઈબર હુમલાનો સામનો કરવા માટે તૈયારીની જરૂર રહેલી છે. જો કે હૈકર્સ ખુબ ચાલાક અને હોશિયાર હોય છે. આ પ્રકારના હૈકર્સથી શહેરોને પોતાને સુરક્ષિત રાખવાની બાબત સરળ નથી. સુરક્ષાને અભેદ્ય રાખવાની બાબત સરળ નથી.

હાલમાં નવો મામલો સપાટી પર આવી ગયો છે જેના કારણે દુનિયા હલી ગઈ છે. નવો મામલો અમેરિકાના ફ્લોરિડાનો છે. એક નગરપાલિકા કર્મીના ખોટા મેલ ખોલવાની કિંમત ફ્લોરિડા સરકારને ચુકવવાની ફરજ પડી છે. જે હૈકર્સને છ લાખ ડોલર અથવા તો આશરે ચાર કરોડ ૧૭ લાખ રૂપિયા આપવાની ફરજ પડી છે. જો કે સ્થાનિક સરકારે ખંડણીની રકમને મંજુર કરતા પહેલા નવા કોમ્પ્યુટર હાર્ડવેયર અને અન્ય સિસ્ટમને અપગ્રેડ કરવા માટે આશરે સાત કરોડ રૂપિયા ખર્ચ કરવાનો નિર્ણય કર્યો છે. આ સંબંધમાં શહેરના પ્રવકતા એની બ્રાઉને કહ્યુ છે કે કોઇ ગેરંટી નથી કે ખંડણીની રકમ ચુકવી દેવામાં આવ્યા બાદ ફરી સાઇટ હૈક કરવામાં આવશે નહીં. તમામ જરૂરી રેકોર્ડ નાણાં ચુકવી દીધા બાદ મળી જશે તે બાબતની પણ કોઇ ગેરંટી દેખાઇ રહી નથી. કેટલાક અન્ય સુરક્ષા સલાહકાર હૈકર્સને નાણાં ચુકવી દેવાની બાબતને યોગ્ય માને છે.

હૈકર્સે સમગ્ર કોમ્પ્યુટર સિસ્ટમને વિકલાંગ બનાવી દીધી છે. હૈકર્સ દ્વારા આ રકમ ક્રિપ્ટો કરેન્સી બિટકોઇનમાં માંગી છે. જે સરળ રીતે ટ્રેસ કરવામાં આવતી નથી. નિષ્ણાંતોનુ કહેવુ છે કે ફ્લોરિડાનો દાખલો માત્ર એક દાખલો છે. કઇ રીતે નગરપાલિકાઓ સરળરીતે રેનસમવેયર હુમલાનો શિકાર થાય છે. મોટા યુનિટો અને રાજ્ય સરકારોની તુલનામાં સાઈબર હુમલા રોકવા માટે પ્રભાવી ઉપાય કરવામાં આવ્યા નથી. સાઈબર સુરક્ષા સેવા ઉપલબ્ધ કરાવનાર કંપની ફાયર આઇના નિષ્ણાંતોએ કહ્યુ છે કે નાગરિકોને સાઈબર સુરક્ષા મળે તે જરૂરી છે. હૈકર્સ દ્વારા એવા ડેટા અને સિસ્ટમને હૈક કરી લીધી હતી હાલના દિવસોમાં ભારતમાં પણ આ પ્રકારના સત્તાવાર મેલ આઈડી પર ખંડણીના આવા સંદેશા આવી રહ્યા છે. યુઝર્સ ક્યારેય તેની લાલચ અને સકંજામાં ન આવે તે જરૂરી છે. માર્ચ ૨૦૨૨માં અમેરિકાના એટલાન્ટામાં હૈકર્સ દ્વારા કોમ્પ્યુટરોને હૈક કરીને ૫૧ હજાર ડોલરની ખંડણીની માંગ કરી હતી. અહીંથી એવી ચર્ચા છેડાઇ ગઇ હતી કે શુ હૈકર્સને કોઈ ખંડણીની રકમ ચુકવવી જોઈએ. અહીં સાઈબર સુરક્ષા સાથે જોડાયેલા મોટા ભાગના લોકોનુ કહેવુ છે કે સાઈબર સુરક્ષા મોંઘી બની ગઈ છે. જેથીસરકારને આના પર કઠોર કાર્યવાહી અને કાયદા બનાવવાની જરૂર છે.ગયા વર્ષે રેનસમવેયરના ૧૪૯૩ હુમલા કરવામાં આવ્યા હતા. ગયા વર્ષે અમેરિકી સરકારે બે ઈરાની નાગરિકોને એટલાન્ટા અને નેવાર્કમાં ૨૦૦થી વધારે રેનસમવેયર હુમલાના મામલામાં દોષિત ઠેરવવામાં આવ્યા હતા.





Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

**WHY JOIN CYBER OCTET ?**

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

**ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)**

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com



હાથી હજી પણ વનવિભાગની પક્કડમાં ન આવતા લોકોમાં ડર

# ઝારખંડમાં હાથીનો તરખાટ : નવ દિવસમાં ૧૯ને મોતને ઘાટ ઉતાર્યા

। એજન્સી, ચાઈબાસા, તા.૧૦ ।

: ઝારખંડમાં પશ્ચિમ સિંહભૂમ જિલ્લામાં હાથીએ નવ દિવસમાં ૧૯ને મોતને ઘાટ ઉતાર્યા છે અને હજી પણ આ હાથી વનવિભાગની પક્કડમાં આવ્યો નથી. હાથી ફક્ત હાથી ન રહેતા જાણે સીરિયલ કિલર બની ગયો છે. આના કારણે ઝારખંડ-ઓડિશાની સીમા પર આવેલા બેનીસાગર ગામમાં લોકો ડરના ઓછાયા હેઠળ જીવી રહ્યા છે. શુક્રવારે જ ગામમાં હાથીના હુમલામાં બેના મોત થયા હતા. પહેલા વાઘ લોહી ચાખી ગયો છે તેમ કહેવાતુ હતુ, હવે તો આ કિસ્સામાં જાણે એવું લાગી રહ્યું છે કે હાથી માનવીનું લોહી ચાખી ગયો લાગે છે. બેનીસાગર ગામમાં હાથીએ કરેલા હુમલામાં ૪૦ વર્ષના પ્રકાશ માલવા અને એક સગીરનું મોત થયું હતું. હાથીએ બંનેને પછાડી-પછાડીને મારી નાખ્યા હતા. આ ઘટના પછી હાથી લાંબા સમય સુધી બાળકના મૃતદેહ પાસે ઊભો રહ્યો હતો અને તેના કારણે આખા ગામમાં જ નહીં આખા વિસ્તારમાં ડરનું વાતાવરણ ફેલાઈ ગયું છે.આ ઘટનાની જાણકારી મળતા જ વનવિભાગની ટીમ અને મઝગાંવ પોલીસ ઘટનાસ્થળે પહોચી અને ગ્રામીણોને સલામત સ્થળે રહેવાનું કહેવામાં આવ્યું. આ પહેલા છ જાન્યુઆરીની રાતે પણ જિલ્લામાં હાથીએ આતંક મચાવ્યો હતો. નોવામુંડીના બાબાડિયા ગામ અને હાટગમ્હરિયાના સિયાલજોડા ગામમાં એક જ રાતમાં સાત ગ્રામીણોને હાથીએ મોતને ઘાટ ઉતાર્યા હતા.

### સુપ્રીમ કોર્ટે એક ઐતિહાસિક ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું

# સરકારી કોલેજમાં અભ્યાસ કરવાથી સરકારી નોકરીનો અધિકાર ન મળે : સુપ્રીમ કોર્ટે રદ કર્યો હાઈકોર્ટનો ચુકાદો

**માત્ર સરકારી શૈક્ષણિક સંસ્થામાં અભ્યાસ કરવાથી કે ડિગ્રી મેળવવાથી કોઈ ઉમેદવારને સરકારી નોકરીમાં સીધી નિમણૂક મેળવવાનો કાયદેસરનો અધિકાર પ્રાપ્ત થતો નથી : સુપ્રીમ**

। એજન્સી, નવી દિલ્હી, તા.૯ ।

સુપ્રીમ કોર્ટે એક ઐતિહાસિક ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું છે કે માત્ર સરકારી શૈક્ષણિક સંસ્થામાં અભ્યાસ કરવાથી કે ડિગ્રી મેળવવાથી કોઈ ઉમેદવારને સરકારી નોકરીમાં સીધી નિમણૂક મેળવવાનો કાયદેસરનો અધિકાર પ્રાપ્ત થતો નથી. ન્યાયાધીશ રાજેશ બિંદલ અને મનમોહન સિંહની બેન્ચે અલ્હાબાદ હાઈકોર્ટના અગાઉના આદેશને ઉલટાવી દીધો છે, જેમાં હાઈકોર્ટે નર્સિંગના વિદ્યાર્થીઓને નોકરી આપવા સરકારને આદેશ કર્યો હતો.અહેવાલો અનુસાર, ઉત્તર પ્રદેશમાં આયુર્વેદિક નર્સિંગ તાલીમ અભ્યાસક્રમમાં વર્ષોથી એવી પ્રથા હતી કે સરકારી સંસ્થામાં તાલીમ લેનારા તમામ (મર્યાદિત ૨૦ બેઠકો) ઉમેદવારોને સીધી સ્ટાફ નર્સ તરીકે નોકરી મળી જતી હતી. જોકે, ૨૦૧૧ પછી સરકારે આ નીતિ બદલી અને ખાનગી સંસ્થાઓને પણ આ કોર્સ



શરૂ કરવાની મંજૂરી આપી. જેના કારણે લાયક ઉમેદવારોની સંખ્યામાં મોટો ઉછાળો આવ્યો. ભાવના મિશ્રા અને અન્ય વિદ્યાર્થીઓએ 'જૂની પ્રથા' મુજબ નોકરીની માંગ કરતા હાઈકોર્ટે તેમની તરફેણમાં ચુકાદો આપ્યો હતો, જેની સામે યુપી સરકાર સુપ્રીમ કોર્ટમાં પહોંચી હતી.સુપ્રીમ કોર્ટે નોકરીની માંગને નકારી કાઢતા જણાવ્યું હતું કે, 'સરકારી સંસ્થામાં નોંધણી કરાવવાથી સરકારી નોકરીમાં નિમણૂક થવાની અપેક્ષા રાખી શકાય નહીં, ખાસ કરીને જ્યારે ભરતીની નીતિમાં ફેરફાર થયો હોય. અગાઉ માત્ર ૨૦ બેઠકો હતી ત્યારે સીધી ભરતી થતી હતી, પરંતુ હવે જ્યારે હજારો ઉમેદવારો લાયક છે, ત્યારે સરકાર જૂની પ્રથા ચાલુ રાખવા બંધાયેલી નથી.

કોર્ટે સ્વીકાર્યું કે ખાનગી સંસ્થાઓના પ્રવેશ બાદ સ્પર્ધા વધી છે, તેથી સરકારે પોતાની કોલેજોના વિદ્યાર્થીઓને આપમેળે નિયુક્ત કરવાની પ્રથા બંધ કરવી એ વાજબી નિર્ણય છે. આ ચુકાદાથી હવે એ સ્પષ્ટ થઈ ગયું છે કે સરકારી સંસ્થાઓમાં ભણતા વિદ્યાર્થીઓ પણ સામાન્ય ભરતી પ્રક્રિયા કે સ્પર્ધાત્મક પરીક્ષામાંથી પસાર થયા વિના નોકરીનો દાવો કરી શકશે નહીં. સરકારી નોકરી માટે લાયકાત અને નિર્ધારિત પસંદગી પ્રક્રિયા જ સર્વોપરી રહેશે.

સુપ્રીમ કોર્ટે એક ઐતિહાસિક ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું છે કે માત્ર સરકારી શૈક્ષણિક સંસ્થામાં અભ્યાસ કરવાથી કે ડિગ્રી મેળવવાથી કોઈ ઉમેદવારને સરકારી નોકરીમાં સીધી નિમણૂક મેળવવાનો કાયદેસરનો અધિકાર પ્રાપ્ત થતો નથી. ન્યાયાધીશ રાજેશ બિંદલ અને મનમોહન સિંહની બેન્ચે અલ્હાબાદ હાઈકોર્ટના અગાઉના આદેશને ઉલટાવી દીધો છે.

## જમ્મુ-કાશ્મીરમાં દાલ તળાવ સહિતનાં જળાશયો થીજી ગયા

। એજન્સી, શ્રીનગર, તા.૧૦ ।

આજે ઉત્તર ભારતના રાજ્યોમાં શિયાળાની ઠંડી વધુ તીવ્ર બની હતી. જેના કારણે જમ્મુ-કાશ્મીરમાં દાલ તળાવ સહિતના જળાશયોનું પાણી થીજી ગયું હતું. દિલ્હી અને ઉત્તર પ્રદેશમાં પણ ઠંડીનો પારો વધુ ગગડયો હતો.હિમાચલ પ્રદેશનાં પણ મોટા ભાગના વિસ્તારોમાં શીત લહેરની સ્થિતિ ચાલુ રહી છે. અધિકારીના જણાવ્યા અનુસાર રાજ્યનાં ૧૩ જિલ્લાઓમાં તાપમાન શૂન્યથી નીચે અને ૪ જિલ્લાઓમાં શૂન્યથી નજીક નોંધવામાં આવ્યું હતું.જમ્મુ-કાશ્મીરમાં શ્રીનગર સહિત અનેક સ્થળોએ સિઝનની સૌથી ઠંડી રાતનો અનુભવ થયો હતો. રાજ્યમાં ઠંડીની પકડ મજબૂત બનતા મોટા ભાગના વિસ્તારોનાં લઘુતમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે.શ્રીનગરમાં લઘુતમ તાપમાન માઈનસ ૫.૧ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધવામાં આવ્યું હતું. શ્રીનગરમાં સિઝનની સૌથી ઠંડી રાત હતી અને લઘુતમ તાપમાન સામાન્યથી ૩.૨ ડિગ્રી ઓછું હતું.મધ્ય કાશ્મીરનાં ગાંદરબાલ જિલ્લામાં આવેલા સોનામાર્ગ ટુરિસ્ટ રિસોર્ટમાં માઈનસ ૯.૮ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધવામાં આવ્યું હતું. કાશ્મીરમાં ચિલ્લા એ કલાનનો પીરિયડ ચાલી રહ્યો છે. ઠંડીના ૪૦ દિવસોને ચિલ્લા એ કલાન તરીકે ઓળખવામાં આવે છે. આ ૪૦ દિવસમાં રાજ્યનાં મોટા ભાગનાં વિસ્તારોમાં તાપમાન શૂન્યથી નીચે રહે છે.

## ઈડીના દરોડામાં આઈ-પેક ઓફિસમાંથી મમતા ફાઈલો લઈ જતા રહેતા હોબાળો

। એજન્સી, કોલકાતા, તા.૧૦ ।

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ગુરુવારે અચાનક જ કથિત રીતે કરોડો રૂપિયાના કોલસા 'કૌભાંડ' કેસમાં કોલકાતામાં શાસક પક્ષ તૃણમૂલ કોંગ્રેસની પોલિટિકલ કન્સલટન્સી કંપની આઈ-પેકની ઓફિસ અને તેના ચેરમેન પ્રતિક જૈનના ઘર પર દરોડા પાડયા હતા. ઈડીની કાર્યવાહીથી ભડકેલા મુખ્યમંત્રી મમતા બેનરજીએ દરોડાને રાજકીય કાવતરું ગણાવ્યા હતા. એટલું જ નહીં મમતા બેનરજી પોતે આઈ-પેકની ઓફિસે પહોંચ્યા અને કેટલીક ફાઈલો લઈને જતા રહ્યા. તેમણે આ કાર્યવાહીને રાજકારણ પ્રેરીત ગણાવતા રાજકીય હોબાળો મચી ગયો છે. બીજીબાજુ ઈડી અને આઈ-પેક બંનેએ કલકત્તા હાઈકોર્ટમાં સામ-સામે અરજીઓ કરી છે.એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ગુરુવારે વહેલી સવારે ૭.૦૦ કલાકે અર્ધ લશ્કરી દળોની ટીમોની હાજરીમાં કોલકાતાના સોલ્ટ લેક ખાતે આઈપેકની ઓફિસ, તેના ડિરેક્ટર પ્રતીક જૈનના ઘર અને દિલ્હીમાં ચાર સ્થળો સહિત કુલ ૧૦ સ્થળો પર દરોડા પાડયા હતા. ઈન્ડિયન પોલિટિકલ એક્શન કમિટી (આઈ-પેક)ના સહ-સ્થાપક અને ડિરેક્ટર પ્રતીક જૈન વિરુદ્ધ પશ્ચિમ બંગાળમાં કોલસા 'કૌભાંડ' કેસમાં ચોક્કસ હવાલા ટ્રાન્ઝેક્શન્સ અને રોકડ સોદા કર્યાના ચોક્કસ પુરાવા હોવાના ઈડીના સૂત્રોએ દાવો કર્યો હતો.

### યુએસ ટ્રેઝરીમાં પોતાનું રોકાણ એક જ વર્ષમાં ૨૧% ઘટાડી નાખ્યું

# પોતાની જ જાળમાં ફસાયા ટ્રમ્પ! ભારતનો અમેરિકાને ૪.૫ લાખ કરોડ રૂ.નો ઝટકો

**બ્લૂમબર્ગના મતે, વૈશ્વિક આર્થિક અસ્થિરતા અને બદલાતી ભૌગોલિક-રાજકીય સ્થિતિને જોતા ભારત હવે ડોલર પરની નિર્ભરતા ઘટાડી રહ્યું છે । વ્યૂહાત્મક ફેરફારનો મુખ્ય હેતુ ભારતીય અર્થતંત્રને વધુ સુરક્ષિત અને મજબૂત બનાવવાનો**

। એજન્સી, નવી દિલ્હી, તા.૧૦ ।

અમેરિકાના ટેરિફ દબાણ સામે ભારતે જડબાતોડ જવાબ આપતા યુએસ ટ્રેઝરીમાં પોતાનું રોકાણ એક જ વર્ષમાં ૨૧% ઘટાડી નાખ્યું છે. ભારતના આ વળતા દાવથી અમેરિકન અર્થતંત્રને રૂા.૪.૫ લાખ કરોડનું મોટું નુકસાન થયું છે. બ્લૂમબર્ગના મતે, વૈશ્વિક આર્થિક અસ્થિરતા અને બદલાતી ભૌગોલિક-રાજકીય સ્થિતિને જોતા ભારત હવે ડોલર પરની નિર્ભરતા ઘટાડી રહ્યું છે. આ વ્યૂહાત્મક ફેરફારનો મુખ્ય હેતુ ભારતીય અર્થતંત્રને વધુ સુરક્ષિત અને મજબૂત બનાવવાનો છે.બ્લૂમબર્ગના અહેવાલ મુજબ, ૩૧ ઑક્ટોબર ૨૦૨૪થી ૩૧ ઑક્ટોબર ૨૦૨૫ દરમિયાન અમેરિકન ટ્રેઝરીમાં ભારતના રોકાણમાં ૨૧ ટકાનો મોટો ઘટાડો જોવા મળ્યો છે. આ હિસ્સેદારી હવે ૨૪૧.૪ અબજ ડોલરથી ગગડીને ૧૯૦.૭ અબજ ડોલર પર પહોંચી



ગઈ છે.

આ આંકડાકીય ફેરફાર સૂચવે છે કે ભારતે માત્ર એક જ વર્ષમાં અંદાજે ૫૦ અબજ ડોલર(આશરે ૪.૫ લાખ કરોડ રૂપિયા) જેટલું માતબર રોકાણ અમેરિકન બજારમાંથી પાછું ખેંચ્યું છે. નોંધનીય છે કે છેલ્લા ચાર વર્ષમાં આ પ્રથમ વખત બન્યું છે કે જ્યારે ભારતીય રોકાણમાં ઘટાડો નોંધાયો હોય, કારણ કે અગાઉના વર્ષોમાં ભારતની આ હોલ્ડિંગ કાં તો સતત વધતી હતી અથવા સ્થિર રહેતી હતી.

આશ્ચર્યજનક વાત એ છે કે અત્યારે અમેરિકન ટ્રેઝરી પર રિટર્ન ૪%થી વધીને ૪.૮% થયું છે, જે રોકાણકારો માટે ફાયદાકારક ગણાય. તેમ છતાં, અર્થશાસ્ત્રીઓનું કહેવું છે કે ભારતનો હેતુ નફો કમાવવા કરતા 'ડોલર' પરની નિર્ભરતા ઘટાડવાનો અને પોતાના પોર્ટફોલિયોનું વૈવિધ્યકરણ કરવાનો છે.

અર્થશાસ્ત્રીના જણાવ્યા અનુસાર, ડોલરના મૂલ્યમાં સંભવિત ઘટાડા અને વૈશ્વિક ભૂ-રાજકીય તણાવને જોતા RBI હવે સોના અને બિન-ડોલર સંપત્તિઓમાં રોકાણ વધારી રહી છે. ભારત હવે સુરક્ષિત રોકાણ તરીકે સોના પર વધુ ભાર મૂકી રહ્યું છે.

ભારતની આ બદલાયેલી રણનીતિથી અમેરિકન અર્થતંત્રને સીધો ફટકો પડ્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પની નારાજગીનું એક મુખ્ય કારણ એ પણ છે કે ભારત હવે તેની શરતો પર ઝૂકવાને બદલે વૈશ્વિક અર્થતંત્રમાં પોતાનો અલગ રસ્તો બનાવી રહ્યું છે. અમેરિકામાં નબળા શ્રમ બજાર અને ફેડરલ રિઝર્વની વ્યાજ દર નીતિને કારણે ડોલર પ્રત્યેનું આકર્ષણ ઘટી રહ્યું છે.

**ઓડી કારના ચાલકે ભારે તબાહી મચાવી**

## રાજસ્થાનના જયપુરમાં બેફામ કાર હંકારતા ચાલકે ૧૬ લોકોને કચડતાં અફરાતફરી

। એજન્સી, જયપુર, તા.૧૦ ।

રાજસ્થાનની રાજધાની જયપુરમાં શુક્રવારે રાત્રે એક હાઈ-સ્પીડ ઓડી કારન ચાલકે ભારે તબાહી મચાવી હતી. શહેરની પત્રકાર કોલોનીમાં થયેલા આ ભીષણ અકસ્માતમાં એક વ્યક્તિનું મોત થયું છે, જ્યારે ૧૬ અન્ય લોકો ઘાયલ થયા છે. દારૂના નશામાં ધૂત કારચાલકે અનેક લારી-ગલ્લા અને લોકોને અડફેટે લીધા હતા, જેના કારણે ઘટનાસ્થળે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.આ ઘટના શુક્રવારે રાત્રે ૯:૩૦ વાગ્યે જયપુરની પત્રકાર કોલોનીમાં બની હતી. એક તેજ રફતાર ઓડી કાર પહેલા ડિવાઈડર સાથે અથડાઈ અને પછી બેકાબૂ થઈને રસ્તાની બાજુમાં ઉભેલી લારીઓ પર કહેર બનીને ત્રાટકી. કાર લગભગ ૩૦ મીટર સુધી લારીઓ અને ગલ્લાઓને કચડતી ચાલી ગઈ. આ ટક્કર એટલી જોરદાર હતી કે ૧૨થી વધુ લારી-ગલ્લા પલટી ગયા હતા, જ્યારે રસ્તાની બાજુમાં ઉભેલી અન્ય એક કાર પણ પલટી ગઈ હતી.

આ ભીષણ અકસ્માતમાં ૧૬ લોકો ઘાયલ થયા હતા. ઘટનાની જાણ થતાં જ મુહાના અને પત્રકાર કોલોની પોલીસ સ્ટેશનની ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી. સ્થાનિક લોકોની મદદથી તમામ ઘાયલોને તાત્કાલિક એમ્બ્યુલન્સ દ્વારા એસએમએસ અને જયપુરિયા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ડેપ્યુટી સીએમ પ્રેમચંદ બૈરવાના જણાવ્યા અનુસાર, આ અકસ્માતમાં એક વ્યક્તિનું મોત થયું છે. ૧૨ ઘાયલોની સારવાર હાલમાં ચાલી રહી છે, જ્યારે ચાર લોકોને પ્રાથમિક સારવાર બાદ ઘરે મોકલી દેવામાં આવ્યા છે.મુહાના પોલીસ સ્ટેશનના એસએચઓ ગુરુ ભૂપેન્દ્ર સિંહે જણાવ્યું કે પ્રાથમિક તપાસમાં ઓડી કારની ઝડપ અત્યંત તેજ હોવાનું જણાયું છે અને કાર ચાલક નશામાં હોવાની પણ આશંકા છે. આ કાર દમણ અને દીવના રજિસ્ટ્રેશન નંબરવાળી છે અને તેમાં ત્રણ લોકો સવાર હતા, જેમાંથી પોલીસે બેની અટકાયત કરી છે.ઘટનાની ગંભીરતાને જોતા રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ જયપુર શહેર અને હોસ્પિટલના અધિકારીઓને જરૂરી નિર્દેશ આપ્યા છે.

## ન્યૂઝ બ્રિફ



## અયોધ્યામાં નોનવેજ પર સંપૂર્ણ પ્રતિબંધ : હવે ઓનલાઈન ડિલિવરી પર પણ લાગી રોક

। એજન્સી, અયોધ્યા, તા.૧૦ ।

ઉત્તર પ્રદેશની ધર્મનગરી અયોધ્યાની પવિત્રતા અને મર્યાદા જાળવી રાખવા માટે પ્રશાસને એક મોટો નિર્ણય લીધો છે. હવે અયોધ્યામાં માંસાહારના વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવી દેવાયો છે. આ નવો પ્રતિબંધ માત્ર હોટલ, ઢાબા કે દુકાનો પૂરતો સીમિત નથી, પરંતુ ઓનલાઈન ફૂડ ડિલિવરી કંપનીઓ પર પણ લાગુ કરવામાં આવ્યો છે.સહાયક ખાદ્ય આયુક્ત દ્વારા જારી કરવામાં આવેલા આદેશ મુજબ, ૮ જાન્યુઆરીથી આ નિયમ અમલી બની ગયો છે. હવેથી રામ મંદિરના ૧૫ કિલોમીટરના વિસ્તારમાં તેમજ પંચકોસી પરિક્રમા માર્ગ પર માંસાહારી ભોજન નહીં મળે. જો હોટલ, હોમ-સ્ટે અને ઓનલાઈન પ્લેટફોર્મ પર નોનવેજ પીરસવા કે વેચવામાં આવશે, તો તેઓ સામે કડક કાર્યવાહી કરાશે. જો કોઈ પણ સંસ્થા કે કંપની આ નિયમનું ઉલ્લંઘન કરશે તો તેમનું લાયસન્સ તાત્કાલિક અસરથી રદ કરવાની ચેતવણી આપવામાં આવી છે.વહીવટીતંત્રને સતત એવી ફરિયાદો મળી રહી હતી કે, પરિક્રમા ક્ષેત્રમાં કેટલીક ઓનલાઈન ફૂડ સર્વિસ દ્વારા માંસાહારી ભોજનની સપ્લાય કરવામાં આવી રહી છે. આ ઉપરાંત કેટલાક હોમ-સ્ટે અને હોટલોમાં પ્રવાસીઓને ગુપ્ત રીતે દારૂ અને માસ પીરસવામાં આવતું હોવાની ફરિયાદો પણ સામે આવી હતી. ત્યારબાદ આ બાબતને ગંભીરતાથી લઈને તંત્રએ રામ પથ પર પહેલેથી જ અમલી દારૂ અને માંસના પ્રતિબંધને વધુ કડક બનાવ્યો છે. નિયમનું પાલન થાય તે માટે પ્રશાસન દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવશે અને કોઈપણ પ્રકારની બેદરકારી ચલાવી લેવામાં આવશે નહીં.

## અમેરિકાના વાઈસ પ્રેસિડેન્ટ જે. ડી. વેન્સના ઘર પર હુમલો, શંકાસ્પદની અટકાયત

। એજન્સી, વોશિંગ્ટન, તા.૧૦ ।

અમેરિકાના ઉપપ્રમુખ જે ડી વેન્સના નિવાસ સ્થાન પર સોમવારે હુમલો થયો છે. હુમલામાં તેમના ઘરની બારીઓને નુકસાન પહોંચ્યું. ઘટના બાદ એક શંકાસ્પદની ધરપકડ કરવામાં આવી છે. સિનસિનાટી સ્થિત તેમના નિવાસ સ્થાન પર રાત્રિના ૧૨ વાગ્યાની આસપાસ હુમલો કરાયો. અમેરિકાના સ્થાનિક સમય અનુસાર યુએસ સિક્રેટ સર્વિસને હુમલા અંગે રાત્રિના ૧૨.૧૫ વાગ્યે સૂચના મળી. પોલીસે એક શંકાસ્પદ વ્યક્તિની અટકાયત કરી છે અને તપાસ કરવામાં આવી રહી છે. સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર ઘરની બારીઓમાં નુકસાન થયું છે.

## મુંબઈના ગોરેગાંવમાં મકાનમાં લાગી ભીષણ આગ । મહિલા સહિત ૩ના મોત

। એજન્સી, મુંબઈ, તા.૧૦ ।

મુંબઈના ગોરેગાંવ પશ્ચિમ સ્થિત ભગતસિંહ નગરમાં શનિવારે, ૧૦ જાન્યુઆરીએ વહેલી સવારે લગભગ ૩ વાગ્યે એક ઘરમાં આગ લાગવાની દુઃખદ ઘટના બની હતી. આ ભીષણ અકસ્માતમાં એક જ પરિવારના ત્રણ લોકોના ગૂંગળામણને કારણે મૃત્યુ થયા છે, જેમાં બે પુરુષ અને એક મહિલાનો સમાવેશ થાય છે.ઘરમાં આગ લાગવાની જાણ થતાં જ પોલીસ અને ફાયર બ્રિગેડની ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર બ્રિગેડના જવાનોએ આગ પર કાબૂ મેળવી લીધો હતો, પરંતુ ઘરમાં સૂઈ રહેલા ત્રણ લોકોને બચાવી શકાયા ન હતા. મુંબઈ પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટનામાં ગૂંગળામણને કારણે એક મહિલા સહિત ત્રણ લોકોના મોત થયા છે.મુંબઈ ફાયર બ્રિગેડ વિભાગને આગ લાગ્યાની જાણ સવારે ૩:૦૬ વાગ્યે મળી હતી. વિભાગ તરફથી જણાવવામાં આવ્યું કે ઘરમાં આગ ગ્રાઉન્ડ ફ્લોર અને ફર્સ્ટ ફ્લોર પરના વીજળીના વાયરોમાં લાગી હતી, જે બાદ તે ઘરમાં રાખેલા અન્ય સામાન સુધી ફેલાઈ ગઈ હતી. વિભાગે વધુમાં જણાવ્યું કે ફાયર બ્રિગેડના જવાનો પહોંચે તે પહેલાં, સ્થાનિક લોકોએ ડોલથી પાણી નાખીને આગ બુઝાવવાનો પ્રયાસ કર્યો હતો. ફાયર બ્રિગેડના જવાનોએ ઘટનાસ્થળે પહોંચીને સૌથી પહેલા વીજળીનો પુરવઠો કાપી નાખ્યો હતો.ઘરમાં હાજર ત્રણેય લોકોને ટ્રોમા કેર હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

## એઆઇથી નોકરી જતા ઇન્દોરમાં ઝવેરાતની દુકાનમાં લૂંટ ચલાવી

। એજન્સી, ઇન્દોર, તા.૧૦ ।

ઈન્દોરમા એક ઝવેરાતની દુકાન માંથી ચોરીની દિલચસ્પ ઘટના સામે આવી છે.આ દુકાનમાંથી ૧૬ લાખથી વધુ રકમના ઘરેણાની ચોરી કરવામાં આવી છે.આ ગુનામા પોલીસે ૧૮ વર્ષના ગ્રાફિક ડિઝાઈનર અને તેની મિત્રની ધરપકડ કરી છે.તેઓએ ફિલ્મ બન્ટી અને બબલી જોઈને આ ચોરીને અંજામ આપ્યો હતો.પોલીસે ચોરીના તમામ ઘરેણા જપ્ત કર્યા છે.રાઉ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૨૨ ડિસેમ્બરની રાત્રે એક દુકાનમાંથી સોના,ચાંદી અને હીરાના મળીને ૧૬.૧૭ લાખના ઘરેણાની ચોરી થઈ હતી. પોલીસે આ કેસમાં એક યુવક અને યુવતીની ધરપકડ કરી છે.ડીસીપી શ્રીકૃષ્ણ લાલચંદાનીએ કહ્યું કે બન્ને આરોપીની ઉંમર ૧૮ વર્ષ છે. છોકરો ગ્રાફિક ડિઝાઈનર છે અને છોકરી નીટની તૈયારી કરી રહી છે.તેઓ બાળપણથી એક બીજાને જાણે છે.ડીસીપીએ કહ્યું કે પૂછપરછ દરમિયાન છોકરાએ કહ્યું કે તે આઈટી કંપનીમા પાર્ટટાઈમ ગ્રાફિક ડિઝાઈનર હતો. કંપનીએ એઆઇ ટેકનોલોજી અપનાવતા તેની નોકરી ગઈ હતી. જેના પગલે આર્થિક ભીસમાં આવ્યો હતો. આરોપીઓએ જણાવ્યું હતું કે હિન્દી ફિલ્મ બંટી ઔર બબલી જોઈને ચોરીની યોજના બનાવી હતી.

**મૃત્યુઆંક ૬૦ને પાર** | **દેશની સંપત્તીને નુકસાન પહોંચાડી દેખાવકારો ટ્રમ્પને મદદ કરે છે, જેના હાથ ઈરાનીઓના લોહીથી ખરડાયેલા છે : ખામેનેઈ**

# ઈરાનમાં દેખાવો ઉગ્ર બનતા સરકારે ઈન્ટરનેટ, એરસ્પેસ બંધ કર્યા

। એજન્સી, તહેરાન, તા.૧૦ ।

ઈરાનમાં ઈસ્લામિક શાસન વિરુદ્ધ ઈરાનના નિર્વાસિત ક્રાઉન પ્રિન્સ રઝા પહલવીએ મોટાપાયે દેખાવોની હાકલ કરી હતી, જેને પગલે ઈરાનના અનેક શહેરોમાં લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. આ દેખાવો હિંસક બનતા ઈરાનમાં અત્યાર સુધીમાં મૃત્યુઆંક વધીને ૬૦ થયો છે જ્યારે ઈરાન સરકારે ગુરુવારે અડધી રાતે ઈન્ટરનેટ, એરસ્પેસ અને આંતરરાષ્ટ્રિય કોલિંગ બંધ કરી દીધા હતા. બીજીબાજુ સુપ્રીમ લીડર અયાતુલ્લા ખામેનેઈએ આ દેખાવો વચ્ચે પહેલી વખત જનતાને સંબોધન કરતા ટ્રમ્પની ઝાટકણી કાઢી હતી.

ઈરાનમાં મોંઘવારી, કથળતા અર્થતંત્ર, સામાજિક નિયંત્રણોના વિરોધમાં છેલ્લા ૧૨ દિવસથી ચાલતા દેખાવો વધુ ગંભીર બની રહ્યા છે. ઈરાનના નિષ્કાસિત ક્રાઉન પ્રિન્સ રઝા પહલવીએ ગુરુવારે રાતે ૮.૦૦ કલાકે જનતાને દેશભરમાં મોટાપાયે દેખાવો કરવા હાકલ કરી હતી. તેમણે ચેતવણી આપી હતી કે ગભરાયેલી સરકાર માહિતીઓ દબાવવા માટે ઈન્ટરનેટ કાપી શકે છે. રઝા પહેલવીની હાકલ પછી હજારો લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા અને ઈસ્લામિક શાસન, સુપ્રીમ લીડર અયાતોલ્લાહ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યો હતો. લોકોએ 'મુલ્લાઓ દેશ છોડો', 'ઈસ્લામિક શાસન મુર્દાબાદ', 'તાનાશાહ મુર્દાબાદ', 'આ અંતીમ લડાઈ છે, પહલવી પાછા ફરશે'નો સૂત્રોચ્ચાર કર્યો હતો. ઈરાનમાં સતત ૧૨




દિવસથી ચાલતા દેખાવો ગુરુવારે રાતે હિંસક બનતા દેખાવકારો અને સ્થાનિક પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. દેખાવકારોના સમર્થનમાં અનેક બજારો અને દુકાનો બંધ રહ્યા હતા. દેખાવકારો પર સુરક્ષા દળોની કાર્યવાહીમાં અત્યાર સુધીમાં કુલ ૬૦ લોકોનાં મોત થયા છે અને ૨,૨૬૦થી વધુની ધરપકડ કરાઈ છે. દેખાવો વચ્ચે ૬૧ વર્ષીય મહિલા એકટીવીસ્ટે સખત વાગ્યું હોવાથી મોંમાંથી લોહી નીકળતું હતું. આવી સ્થિતિમાં પણ તેમણે દેખાવો ચાલુ રાખ્યા હતા અને કહ્યું, 'હું મોતથી ડરતી નથી. હું તો ૪૭ વર્ષ પહેલા મરી ચૂકી છું. ૪૭ વર્ષ પૂર્વે ઈસ્લામિક રીપબ્લિકને ઈરાન પર કબજો જમાવી મહિલાઓના અધિકારો આંચકી લીધા છે. દેશભરમાં દેખાવકારો વચ્ચે તાલમેલ તોડવા અને દેશની અંદરના સમાચારો દુનિયા સુધી પહોંચતા રોકવા માટે ઈસ્લામિક શાસને અડધી રાત પછી ઈન્ટરનેટ બંધ કરી દીધું હતું. કેટલાક શહેરોમાં એરસ્પેસ પણ બંધ કરી દીધી હતી. વધુમાં ઈરાનના મુખ્ય ન્યાયાધીશે ચેતવણી આપી છે કે ઈસ્લામિક શાસન વિરુદ્ધ દુશ્મનોની મદદ કરનારા પ્રત્યે કોઈ નરમાઈ દર્શાવાશે નહીં.

# ‘ઈરાનના તહેરાનમાં અંધાધૂંધ ગોળીબારમાં ૨૧૭ દેખાવકારોના મોત । ડોક્ટરનો ચોંકાવનારો દાવો







તહેરાન : ઈરાનમાં ઈસ્લામિક શાસન વિરુદ્ધ ચાલી રહેલા વિરોધ પ્રદર્શનોએ હવે વિકરાળ રૂપ ધારણ કરી લીધું છે. ઈરાની સરકારના નિર્દેશ પર સુરક્ષાદળો દ્વારા ઘણી જગ્યાએ ગોળીબાર કરવામાં આવી રહ્યો હોવાની વાતો સામે આવી રહી છે. ટાઈમ મેગેઝિન સાથેની વાતચીતમાં, એક ઈરાની ડોક્ટરે પોતાની ઓળખ ગુપ્ત રાખવાની શરતે દાવો કર્યો છે કે માત્ર રાજધાની તેહરાનની છ હોસ્પિટલોમાં જ ઓછામાં ઓછા ૨૧૭ પ્રદર્શનકારીઓના મોત નોંધાયા છે, જેમાંથી મોટાભાગના ગોળીબારમાં માર્યા ગયા છે. જોકે, ટાઈમ મેગેઝિને આ આંકડાઓની સ્વતંત્ર રીતે પુષ્ટિ કરી નથી.જો આ મૃત્યુઆંક સાચો હોય તો, તે ઈરાનમાં સરકાર વિરોધી પ્રદર્શનોના ભયાનક દમન તરફ ઈશારો કરે છે. આ વિરોધ પ્રદર્શનો ૨૮ ડિસેમ્બરથી આર્થિક સંકટ સામે શરૂ થયા હતા, પરંતુ હવે તે ઈરાનના તમામ ૩૧ પ્રાંતોમાં ફેલાઈ ચૂક્યા છે અને ઈસ્લામિક શાસનને ઉખાડી ફેંકવાની માંગ કરી રહ્યા છે. પ્રદર્શનકારીઓ ‘આઝાદી’ અને ‘તાનાશાહ મુર્દાબાદ’ જેવા નારા લગાવી રહ્યા છે.ઈરાની ડોક્ટરે દાવો કર્યો કે, “જેમ-જેમ પ્રદર્શનો તીવ્ર બન્યા, ઘણા વિસ્તારોમાં સુરક્ષાદળોએ પ્રદર્શનકારીઓ પર સીધી ગોળીઓ ચલાવી. શુક્રવારે હોસ્પિટલોમાંથી મૃતદેહોને હટાવવામાં આવ્યા. મરનારાઓમાં મોટાભાગના યુવાનો હતા. ઉત્તરી તેહરાનના એક પોલીસ સ્ટેશનની બહાર મશીનગનથી થયેલા ફાયરિંગમાં ઘણા પ્રદર્શનકારીઓ ઘટનાસ્થળે જ માર્યા ગયા.”

## શ્રદ્ધા કપુર નાગિનનું શૂટિંગ એપ્રિલથી શરુ કરશે



। એજન્સી, મુંબઇ, તા.૧૦ ।

શ્રદ્ધા કપૂર તેની નવી ફિલ્મ ‘નાગિન’નું શૂટિંગ આગામી એપ્રિલથી શરુ કરશે. તેની ‘ઈથા’ ફિલ્મનું શૂટિંગ માર્ચ માસ સુધી લંબાઈ જતાં તે પછી જ તે નવી ફિલ્મનાં શૂટિંગ માટે તારીખો ફાળવી શકશે. ‘નાગિન’ એક ફેન્ટસી ફિલ્મ છે. આ ફિલ્મમાં વિઝ્યુઅલ ઈફેક્ટસનો ભરપૂર ઉપયોગ કરવામાં આવશે. જોકે, ફિલ્મના અન્ય કલાકારોની વિગતો હજુ બહાર આવી નથી. શ્રદ્ધા ફિલ્મ ‘ઈથા’માં તમાશા અને લાવણી નૃત્યાંગના વિઠાબાઈ નારાયણગાઉંકરની ભૂમિકા ભજવી રહી છે. આ ફિલ્મનાં શૂટિંગ દરમિયાન શ્રદ્ધાને ઈજા થઈ હતી. પરિણામે થોડા સમય માટે શૂટિંગ અટકી ગયું હતું.

જોકે, શ્રદ્ધાએ ઈજા પછી પણ શૂટિંગ આગળ ધપાવતાં શિડયૂલ ખાસ લંબાવવું પડયું નથી. શ્રદ્ધા કપૂર તેની નવી ફિલ્મ ‘નાગિન’નું શૂટિંગ આગામી એપ્રિલથી શરુ કરશે. તેની ‘ઈથા’ ફિલ્મનું શૂટિંગ માર્ચ માસ સુધી લંબાઈ જતાં તે પછી જ તે નવી ફિલ્મનાં શૂટિંગ માટે તારીખો ફાળવી શકશે. ‘નાગિન’ એક ફેન્ટસી ફિલ્મ છે. આ ફિલ્મમાં વિઝ્યુઅલ ઈફેક્ટસનો ભરપૂર ઉપયોગ કરવામાં આવશે. જોકે, ફિલ્મના અન્ય કલાકારોની વિગતો હજુ બહાર આવી નથી.

### એશિયાની સુરક્ષા વ્યવસ્થામાં ઐતિહાસિક બદલાવ થવા જઈ રહ્યો છે

## ‘ઈસ્લામિક નાટો’માં સાઉદી અરેબિયા બાદ હવે તૂર્કિયેની એન્ટ્રી પાક્કી! અમેરિકા-ઈઝરાયલ એલર્ટ

**ત્રિપક્ષીય ગઠબંધન ઇઝરાયલના પ્રભાવને રોકવા અને પ્રાદેશિક વર્ચસ્વ જાળવી રાખવા માટે અત્યંત નિર્ણાયક સાબિત થઈ શકે છે । કારણ કે આ ત્રણેય દેશોની ક્ષમતાઓ એકબીજાની પૂરક**



। એજન્સી, તેહરાન, તા.૧૦ ।

મધ્ય પૂર્વ અને દક્ષિણ એશિયાની સુરક્ષા વ્યવસ્થામાં ઐતિહાસિક બદલાવ થવા જઈ રહ્યો છે. સાઉદી અરેબિયા, પાકિસ્તાન અને તૂર્કિયે વચ્ચે એક મોટું ત્રિપક્ષીય સૈન્ય ગઠબંધન આકાર લઈ રહ્યું છે, જેને નાટો જેવું જ શક્તિશાળી માનવામાં આવે છે.સપ્ટેમ્બર ૨૦૨૪માં સાઉદી અરેબિયા અને પાકિસ્તાન વચ્ચે એક સંરક્ષણ સમજૂતી થઈ હતી. આ સમજૂતીમાં નાટોના ‘આર્ટિકલ-૫’ જેવી જોગવાઈ છે, જે મુજબ ‘કોઈપણ એક દેશ પરનો હુમલો, તમામ દેશો પરનો હુમલો માનવામાં આવશે.’ બ્લૂમબર્ગના રિપોર્ટ અનુસાર, તૂર્કિયે આ ગઠબંધનમાં સામેલ થવા માટે ખૂબ જ ગંભીર છે અને આ અંગેની વાતચીત અંતિમ તબક્કામાં છે.

નિષ્ણાતોના મતે, આ ત્રિપક્ષીય ગઠબંધન ઈઝરાયલના પ્રભાવને રોકવા અને પ્રાદેશિક વર્ચસ્વ જાળવી રાખવા માટે અત્યંત નિર્ણાયક સાબિત થઈ શકે છે, કારણ કે આ ત્રણેય દેશોની ક્ષમતાઓ એકબીજાની પૂરક છે. જ્યાં સાઉદી અરેબિયા પાસે અઢળક નાણાકીય સંસાધનો અને આર્થિક શક્તિ છે, ત્યાં પાકિસ્તાન પરમાણુ હથિયાર, અત્યાધુનિક બેલેસ્ટિક મિસાઈલો અને વિશાળ સૈન્યબળ જેવી વ્યૂહાત્મક તાકાત ધરાવે છે. આ જોડાણમાં તૂર્કિયે તેની અત્યાધુનિક સંરક્ષણ ટેકનોલોજી, ખાસ કરીને વિશ્વ વિખ્યાત ડ્રોન ટેકનોલોજી, મજબૂત સૈન્ય માળખું અને યુદ્ધના બહોળા અનુભવનો ઉમેરો કરે છે. આ રીતે, આર્થિક, પરમાણુ અને તકનીકી શક્તિનો આ સમન્વય પ્રાદેશિક સુરક્ષાના સમીકરણો બદલવાની ક્ષમતા ધરાવે છે.

ડોનાલ્ડ ટ્રમ્પના નાટો પ્રત્યેના અસ્પષ્ટ વલણને કારણે તૂર્કિયે હવે સુરક્ષા માટે વૈકલ્પિક રસ્તાઓ શોધી રહ્યું છે. તૂર્કિયે તેના પાંચમી પેઢીના ફાઈટર જેટ પ્રોજેક્ટ ‘કાન’માં સાઉદી અને પાકિસ્તાનને સામેલ કરવા માંગે છે. આ ગઠબંધન સાઉદી અને તૂર્કિયે વચ્ચે વર્ષોથી ચાલી આવતા ‘સુન્ની નેતા’ બનવાના ટકરાવનો પણ અંત લાવશે.પાકિસ્તાન આ ડીલ માટે એટલે પણ ઉતાવળું છે કારણ કે ગત વર્ષે ‘ઓપરેશન સિંદૂર’ દરમિયાન ભારતે પાકિસ્તાનના અનેક સૈન્ય મથકોને તબાહ કર્યા હતા. આ ઉપરાંત, અફઘાનિસ્તાન સાથેના બગડતા સંબંધોને કારણે પાકિસ્તાન અલગ-થલગ પડી ગયું છે. તૂર્કિયે પાકિસ્તાન માટે યુદ્ધજહાજ બનાવી રહ્યું છે અને તેના F-૧૬ વિમાનોને અપગ્રેડ પણ કરી રહ્યું છે.

જો આ ત્રિપક્ષીય સમજૂતી પર મહોર લાગશે, તો દક્ષિણ એશિયાથી લઈને આફ્રિકા સુધીના ભૌગોલિક-રાજકીય સમીકરણો બદલાઈ જશે.

### મને કોઈ કાયદો લાગતો નથી, ટ્રમ્પ જ ટ્રમ્પનું માનશે : તુમાખીની ચરમસીમા

## હવે મેક્સિકોના ડ્રગ કાર્ટેલનો કચ્ચરઘાણ કાઢીશ : અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ

**અમેરિકા વિના નાટોનું અસ્તિત્વ નથી, મેં મદદ ના કરી હોત તો રશિયાએ યુક્રેન પર ઘણા સમય પહેલા કબજો કરી લીધો હોત**

। એજન્સી, વોશિંગ્ટન, તા. ૧૦ ।

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વેનેઝુએલા પર હુમલો કર્યા પછી બેફામ બન્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પે બીજા કાર્યકાળમાં પ્રમુખપદ સંભાળ્યાને એક વર્ષ પૂરું થવા આવ્યું છે ત્યારે દુનિયાના દેશો પર ટેરિફ નાંખી ટ્રેડ વોર શરૂ કરનારા ટ્રમ્પ હવે ગ્રીનલેન્ડ, મેક્સિકો, કોલંબિયાથી લઈને ઈરાન સુધીના દેશોને સૈન્ય કાર્યવાહીની ધમકી આપી રહ્યા છે. આવા સમયે ટ્રમ્પે અત્યંત તુમાખીપૂર્ણ ભાષામાં સ્પષ્ટ કહ્યું કે તેમને કોઈ આંતરરાષ્ટ્રીય કાયદાની પડી નથી. આ દુનિયામાં મને માત્ર એક જ વ્યક્તિ રોકી શકે છે અને તે હું પોતે જ છું. આ સાથે ટ્રમ્પે વેનેઝુએલા પછી હવે મેક્સિકો પર હુમલાની ચેતવણી આપી છે અને ગ્રીનલેન્ડને ખરીદવાની ઓફર કરી છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને બીજા કાર્યકાળમાં પ્રમુખપદે સત્તા પર આવ્યાને એક વર્ષ પૂરું થવા આવ્યું છે ત્યારે તેમણે ન્યૂયોર્ક ટાઈમ્સને આપેલી એક મુલાકાતમાં દુનિયામાં વર્તમાન સ્થિતિ અને ગ્રીનલેન્ડ, મેક્સિકો, કોલંબિયા, ઈરાન સહિતના દેશો માટેની તેમની યોજનાઓ અંગે સ્પષ્ટ વાત કરી હતી. ટ્રમ્પે વેનેઝુએલા પર હુમલા અને પ્રમુખ નાદુરો તથા તેમના પત્નીના અપહરણની અમેરિકન સૈન્ય કાર્યવાહીની પ્રશંસા કરી હતી.આ સાથે ટ્રમ્પે દુનિયાને ચેતવણી આપતા સૂરમાં કહ્યું કે, અમેરિકા અત્યારે જે પગલાં લઈ રહ્યું છે તે માત્ર ડોનાલ્ડ ટ્રમ્પ જ ઉઠાવી શકે છે. અમેરિકન પ્રમુખ તરીકે વૈશ્વિક તાકાત મળે છે અને તેની કોઈ મર્યાદા નથી. આ દુનિયામાં ટ્રમ્પને માત્ર એક જ વ્યક્તિ રોકી શકે છે અને તે છે ટ્રમ્પ પોતે. મને માત્ર મારી નૈતિક્તા અને મારું મગજ જ રોકી શકે છે. મને કોઈ આંતરરાષ્ટ્રીય કાયદાની જરૂર નથી. જોકે, આ સાથે તેમણે એ બાબત પર ભાર મૂક્યો કે તેઓ લોકોને નુકસાન પહોંડી રહ્યા નથી. આંતરરાષ્ટ્રીય કાયદાનું પાલન કરવા અંગે પૂછવામાં આવતા પ્રમુખ ટ્રમ્પે સ્વીકાર્યું કે તેમની સરકારે ‘કાયદા’ માનવા જોઈએ, પરંતુ આંતરરાષ્ટ્રીય કાયદાની વ્યાખ્યા કેવી રીતે પરિભાષિત કરો છો તેના પર તે બાબત નિર્ભર છે તેમ પણ ટ્રમ્પે કહ્યું હતું. તેમણે સ્પષ્ટ સંકેત આપ્યા કે અમેરિકાને કોઈ આંતરરાષ્ટ્રીય કાયદાની જરૂર નથી. આંતરરાષ્ટ્રીય કાયદાનો ભંગ કરવાના સંજોગોમાં અમેરિકા પર કેવા પ્રતિબંધો મુકાય તેનો નિર્ણય તે જ કરી શકે.

## પ્રિયંકાની વારાણસી ફિલ્મ આવતાં વર્ષે રામનવમીએ રીલિઝ થશે



। એજન્સી, મુંબઈ, તા.૧૦ ।

પ્રિયંકા ચોપરા તથા મહેશબાબુની ફિલ્મ ‘વારાણસી’ આગામી વર્ષે રામ નવમી વખતે રીલિઝ થાય તેવી સંભાવના છે. આ ફિલ્મમાં રામાયણનાં કથાનક સાથે સંબંધ ધરાવતી વાર્તા હોવાથી રાજામૌલીએ આ રીલિઝ ડેટ નક્કી કરી હોવાનું કહેવાય છે. પૃથ્વીરાજ સુકુમારનની પણ મહત્વની ભૂમિકા ધરાવતી ફિલ્મનું બજેટ ૧૩૦૦ કરોડ હોવાનો દાવો થઈ રહ્યો છે. ફિલ્મનું શૂટિંગ અગાઉ હૈદરાબાદ તથા ઓરિસ્સામાં તથા વિદેશમાં પણ થઈ ચૂક્યું છે. હજુ આ વર્ષે પણ ઘણું શૂટિંગ થવાનું હોવાનું કહેવાય છે.

ફિલ્મમાં એમ.એમ. કિરવાની મ્યુઝિક આપશે. જ્યારે પટકથા વિજયેન્દ્ર પ્રસાદે લખી છે. પ્રિયંકા ચોપરા તથા મહેશબાબુની ફિલ્મ ‘વારાણસી’ આગામી વર્ષે રામ નવમી વખતે રીલિઝ થાય તેવી સંભાવના છે. આ ફિલ્મમાં રામાયણનાં કથાનક સાથે સંબંધ ધરાવતી વાર્તા હોવાથી રાજામૌલીએ આ રીલિઝ ડેટ નક્કી કરી હોવાનું કહેવાય છે. પૃથ્વીરાજ સુકુમારનની પણ મહત્વની ભૂમિકા ધરાવતી ફિલ્મનું બજેટ ૧૩૦૦ કરોડ હોવાનો દાવો થઈ રહ્યો છે. ફિલ્મનું શૂટિંગ અગાઉ હૈદરાબાદ તથા ઓરિસ્સામાં તથા વિદેશમાં પણ થઈ ચૂક્યું છે. હજુ આ વર્ષે પણ ઘણું શૂટિંગ થવાનું હોવાનું કહેવાય છે. ફિલ્મમાં એમ.એમ. કિરવાની મ્યુઝિક આપશે. જ્યારે પટકથા વિજયેન્દ્ર પ્રસાદે લખી છે.

## મિનીયાપોલિસમાં ઈમિગ્રેશન અધિકારીએ ગોળી મારીને મહિલાની હત્યા કરતાં હોબાળો

। એજન્સી, મિનીયાપોલિસ , ૯ ।

મિનેસોટા રાજ્યના મિનીયાપોલિસમાં ૩૭ વર્ષની મહિલા રેની નિકોલ ગુડ કાર ચલાવીને ઘરે જતી હતી. ઈમિગ્રેશન વિભાગના અધિકારીએ તેને અકારણ રોકી હતી. તેણે કારને આગળ જવા દેતાં ઈમિગ્રેશન અધિકારીએ ગોળી મારીને તેની હત્યા કરી દીધી હતી. આ ઘટનાના પગલે રાજ્યમાં હોબાળો મચી ગયો હતો. હજારો લોકોએ વિરોધ પ્રદર્શનો કર્યા હતા. ભીડને વિખેરવા માટે પોલીસે ટીઅર ગેસ છોડયો હતો. ઈમિગ્રેશન વિભાગે બચાવ કર્યો હતો કે અધિકારીએ આત્મરક્ષણમાં ગોળી ચલાવી હતી.મિનીયાપોલિસમાં ૩૭ વર્ષની મહિલા રેની નિકોલ ગુડ ઘરે જઈ રહી હતી. તે ઘરની સાવ નજીક પહોંચી ગઈ હતી ત્યારે જ ઈમિગ્રેશન અધિકારીએ તેને રોકી હતી. એ ઘટનાનો વીડિયો સામે આવ્યો છે એ પ્રમાણે મહિલા સાથે ઈમિગ્રેશન અધિકારીએ કશીક વાત કરી હતી. એનો જવાબ આપીને મહિલાએ કાર આગળ ચલાવી હતી કે તરત જ ઈમિગ્રેશન અધિકારીએ મહિલા પર ગોળી ચલાવી દીધી હતી. મહિલાનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. લોહીથી ખરડાયેલી કારનો વીડિયો સામે આવ્યો પછી લોકોમાં આક્રોશ ફેલાયો હતો.મિનીયાપોલિસ સહિત આખાય મિનેસોટા રાજ્યમાં હજારો લોકો ટ્રમ્પ મસ્ટ ગો નાઉના નારા સાથે મહિલાનો ફોટો હાથમાં લઈને રસ્તા પર ઉતરી ગયા હતા.

## પાકિસ્તાનના ખૈબરપખ્તુનવામાં લોટની ભારે અછત : બેકરીઓએ શટર્સ ડાઉન કર્યા । ખૈબરપખ્તુનવા પ્રાંતમાં લોટ જ પહોંચતો નથી

। એજન્સી, પેશાવર, તા.૧૦ ।

પૂર્વે સરહદ પ્રાંત કહેવાતા ખૈબરપખ્તુનવા પ્રાંતમાં લોટની ભારે અછત ઉભી થતાં બેકરીઓએ શટર્સ ડાઉન કરી નાખ્યાં છે. ‘એક્સપ્રેસ ટ્રિબ્યુન’ આ માહિતી આપતાં જણાવે છે કે, ખૈબરપખ્તુનવા પ્રાંતમાં લોટ જ પહોંચતો નથી, તેથી બેકરીવાળાઓ આર્થિક રીતે ખતમ થઈ ગયા છે. ખૈબરપખ્તુનવા નનવાઈ એસોસિએશનના અધ્યક્ષ ગુલ મોહમ્મદ અને સંયુક્ત સચિવ જહાંઝેબેયા માટે વહીવટી ક્ષતિઓને કારણભૂત ગણાવતાં કહ્યું હતું કે, ‘પંજાબમાંથી જ ખૈબરપખ્તુનવામાં લોટ આવવા દેવામાં આવતો નથી જે તદ્દન ગેરકાયદે છે’ તેટલું જ નહીં પરંતુ જે કંઈ લોટ અહીં છે, તેની કિંમતમાં અસામાન્ય વધારો થઈ ગયો છે. તે કેટલો છે તે જાણવું છે ? ૧૦ કીલોના રૂા. ૧૭૦૦ પરિણામે નબળી પડી ગયેલી માર્કેટ ઉપર તે કુઠારાઘાત સમાન છે.આ અગ્રીમ વ્યાપારીઓએ કહ્યું હતું કે, એક તરફ ભારે ફુગાવો થઈ રહ્યો છે, પાવર શોર્ટેજ ઘર કરી ગઈ છે તેમાં સ્થાનિક અધિકારીઓની ‘દાદાગીરી’ ચાલે છે. આ બધું તંદુર ધરાવનારાઓ માટે અસહ્ય બની રહ્યું છે તેથી અમે ધંધો જ બંધ કરી દીધો છે.: પૂર્વે સરહદ પ્રાંત કહેવાતા ખૈબરપખ્તુનવા પ્રાંતમાં લોટની ભારે અછત ઉભી થતાં બેકરીઓએ શટર્સ ડાઉન કરી નાખ્યાં છે. ‘એક્સપ્રેસ ટ્રિબ્યુન’ આ માહિતી આપતાં જણાવે છે કે, ખૈબરપખ્તુનવા પ્રાંતમાં લોટ જ પહોંચતો નથી, તેથી બેકરીવાળાઓ આર્થિક રીતે ખતમ થઈ ગયા છે. ખૈબરપખ્તુનવા નનવાઈ એસોસિએશનના અધ્યક્ષ ગુલ મોહમ્મદ અને સંયુક્ત સચિવ જહાંઝેબેયા માટે વહીવટી ક્ષતિઓને કારણભૂત ગણાવતાં કહ્યું હતું કે, ‘પંજાબમાંથી જ ખૈબરપખ્તુનવામાં લોટ આવવા દેવામાં આવતો નથી.

### ઓરેશ્નિક મિસાઇલથી બીજી વખત એટેક કર્યો

### ઓરેશ્નિક મિસાઇલ પ્રતિ કલાક ૧૩,૦૦૦ કિ.મી.ની ઝડપે ઉડી શકે, રેન્જ ૫,૫૦૦ કિ.મી. અને અનેક લક્ષ્યાંકો પર ત્રાટકી શકે

## રશિયાનો યુક્રેન ઉપર વિનાશક ઓરેશ્નિક મિસાઇલથી હુમલો । ચારનાં મોત ૨૨ ઘાયલ



। એજન્સી, કીવ, તા.૧૦ ।

રશિયાએ યુક્રેન પર આખી રાત ડ્રોન અને મિસાઈલો વડે હુમલો કર્યો હતો અને તેમા ચારના મોત થયા હતા. રશિયાએ આ યુદ્ધમાં બીજી વખત તેની નવી બેલિસ્ટિક મિસાઈલ ઓરેશ્નિક લોન્ચ કરી હતી. આ મિસાઈલ અવાજ કરતાં દસ ગણી વધુ સ્પીડે ત્રાટકે છે. વિશ્વની કોઈપણ મિસાઈલ પ્રણાલિ અટકાવી શકે તેમ નથી. રશિયાએ આ પહેલા નવેમ્બર ૨૦૨૪માં આ મિસાઈલ છોડી હતી. આ મિસાઈલની ચોકસાઈ જબરદસ્ત છે. તે જબરદસ્ત ઝડપની સાથે એક સાથે ઘણા નિશાન પાર પાડી શકે છે. તે પરંપરાગત શસ્ત્રોની અલગ છે, કેમકે તેમા પરમાણુ શસ્ત્રો નથી. પરંતુ આ મિસાઈલમાં એટલી જબરદસ્ત ક્ષમતા છે કે તે કોઈપણ મજબૂત સુરક્ષા પ્રણાલિને તોડવા સક્ષમ છે. આ મિસાઈલ પ્રતિ કલાક ૧૩,૦૦૦ કિ.મી.ની ઝડપે ઉડી શકે છે અને તેની રેન્જ ૫,૫૦૦ કિ.મી.ની છે. આમ તે પ્રતિ સેકન્ડ બેથી ત્રણ કિ.મી.ની ઝડપે ઉડી શકે છે. રશિયાના સંરક્ષણ મંત્રાલયે શુક્રવારે દાવો કર્યો હતો કે તેણે યુક્રેન પર ઓરેશ્નિક મિસાઈલથી હુમલો કર્યો છે. આ હુમલો ડિસેમ્બરમાં યુક્રેને રશિયાના પ્રમુખ પુતિનના નિવાસ્થાન પર ડ્રોન હુમલો કર્યો છે તેનો જવાબ છે. આ પહેલા નવેમ્બર ૨૦૨૪માં રશિયાએ પહેલી વખત યુક્રેન પર ઓરેશ્નિક મિસાઈલ વડે હુમલો કર્યો હતો. રશિયાના સંરક્ષણ મંત્રાલય મુજબ આ તાજા હુમલામાં યુક્રેનના મહત્ત્વના માળખાને નિશાન બનાવવા માટે જમીન અને સમુદ્રથી છોડવામાં આવેલી અન્ય મિસાઈલોનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રારંભિક જાણકારી મુજબ આ હુમલો રશિયાની નવી અને અત્યંત શક્તિશાળી ઓરેશનિક મિસાઈલ વડે કરવામાં આવ્યો હતો. આ હુમલામાં બચાવ કાર્યકરોને પણ ઈજા થઈ હતી. રશિયાના હુમલામાં કીવમાં આવેલા કતારના રાજદૂતાવાસને પમ નુકસાન પહોંચ્યુ હતુ. કતારે તાજેતરમાં બંને દેશો વચ્ચે યુદ્દબંદીઓની આપલે થઈ તેમા મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. યુક્રેનના વિદેશ પ્રધાન એન્ડ્રી સિબિહાએ જણાવ્યું હતું કે આ વિસ્તારમાં રશિયાના તાજેતરના હુમલામાં ચાર નાગરિકોનું મોત થયું હતું અને ૨૪થી વધુ લોકો ઈજા પામ્યા હતા. સિબિહાએ શુક્રવારે જણાવ્યું હતું કે રશિયન મિસાઈલોએ રહેણાક વિસ્તારો પર પણ હુમલો કર્યો હતો, જેનાથી પાણીનો પુરવઠો અને હીટિંગમાં અવરોધ સર્જાયો છે. રશિયા શાંતિ પ્રયત્નોની ધરાર અવગણના કરી રહ્યું છે. ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે અમેરિકાની આગેવાની હેઠળ ચાલતા શાંતિ પ્રયત્નોમાં નોંધપાત્ર પ્રગતિ સધાઈ છે.

### વૈશ્વિક સ્તરે ભારે ચર્ચા

### અમે ગ્રીનલેન્ડના મુદ્દે ચોક્કસપણે પગલાં ભરીશું, પછી ભલે અન્ય દેશોને તે ગમે કે ન ગમે

## પ્રેમથી માની જાઓ તો સારું, નહીંતર : વધુ એક દેશને અમેરિકાના ટ્રમ્પની ધમકી



। એજન્સી, વોશિંગ્ટન, તા.૧૦ ।

ગ્રીનલેન્ડના મુદ્દે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના તાજેતરના નિવેદને વૈશ્વિક સ્તરે ભારે ચર્ચા જગાવી છે. ટ્રમ્પે મક્કમતાપૂર્વક જણાવ્યું છે કે તેઓ હવે આ મામલે સહેજ પણ પીછેહઠ કરવા તૈયાર નથી. તેમની આ ચેતવણી સ્પષ્ટ સંકેત આપે છે કે ગ્રીનલેન્ડ પર નિયંત્રણ મેળવવા માટે અમેરિકા કોઈપણ માર્ગ અપનાવી શકે છે-પછી ભલે તે સમજાવટનો હોય કે બળજબરીનો. યુરોપીય દેશોને સંબોધતા ટ્રમ્પે કહ્યું કે, ‘અમે ગ્રીનલેન્ડના મુદ્દે ચોક્કસપણે પગલાં ભરીશું, પછી ભલે અન્ય દેશોને તે ગમે કે ન ગમે. ટ્રમ્પના મતે, જો અમેરિકા ગ્રીનલેન્ડ પર નિયંત્રણ નહીં મેળવે, તો રશિયા અથવા ચીન તેના પર કબજો કરી લેશે. અમેરિકા કોઈપણ સંજોગોમાં આ ગ્રીનલેન્ડને રશિયા કે ચીનના હાથમાં જવા દેવા માંગતું નથી.

વ્હાઈટ હાઉસમાં બેઠક દરમિયાન ટ્રમ્પે કહ્યું, ‘હું ગ્રીનલેન્ડ અંગે સમજૂતી દ્વારા સરળ રસ્તો અપનાવવા માંગુ છું. પરંતુ જો તેમ નહીં થાય, તો અમે મુશ્કેલ રસ્તો અપનાવતા પણ અચકાઈશું નહીં. જ્યારે કોઈ વસ્તુ અમારી સુરક્ષા માટે જરૂરી હોય, ત્યારે અમે તેની રક્ષા કરીએ છીએ.’ ટ્રમ્પના આ નિવેદનથી સ્પષ્ટ થાય છે કે ડેનમાર્ક કે ગ્રીનલેન્ડના લોકોની સહમતી હોય કે ન હોય, અમેરિકા ત્યાં પોતાનું વર્ચસ્વ સ્થાપવા મક્કમ છે.અમેરિકા માટે ગ્રીનલેન્ડનું મહત્ત્વ માત્ર એક ભૌગોલિક ટાપુ પૂરતું મર્યાદિત નથી, પરંતુ તે વ્યૂહાત્મક અને આર્થિક દ્રષ્ટિએ અત્યંત નિર્ણાયક છે. આર્કટિક ક્ષેત્રમાં સ્થિત ગ્રીનલેન્ડ ખનીજ સંપત્તિનો અખૂટ ભંડાર ધરાવે છે, જેમાં સોનું, હીરા અને ખાસ કરીને આધુનિક ટેકનોલોજી માટે અનિવાર્ય એવા ‘રેર અર્થ મેટલ્સ‘નો સમાવેશ થાય છે. આ સંસાધનો પર નિયંત્રણ મેળવવું એ અમેરિકાના આર્થિક ભવિષ્ય માટે મહત્ત્વનું છે. તેમજ આર્કટિકમાં રશિયા અને ચીનની સતત વધી રહેલી સૈન્ય ગતિવિધિઓ અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા માટે પડકારરૂપ બની રહી છે. ઉત્તર અમેરિકાની રક્ષા માટે ગ્રીનલેન્ડ એક અભેદ્ય કિલ્લા સમાન વ્યૂહાત્મક સ્થાન ધરાવે છે, જેના પર નિયંત્રણ હોવું અમેરિકા માટે અનિવાર્ય છે જેથી તે આ ક્ષેત્રમાં પોતાની પકડ મજબૂત રાખી શકે અને પ્રતિસ્પર્ધી દેશોના પ્રભાવને રોકી શકે.ડોનાલ્ડ ટ્રમ્પના આક્રમક નિવેદન સામે ડેનમાર્કે અત્યંત કડક વલણ અપનાવતા યુદ્ધ જેવી સ્થિતિના સંકેત આપ્યા છે. ડેનમાર્કના પીએમ મેટ ફેડરિકસને ચેતવણી આપતા કહ્યું છે કે, ‘ગ્રીનલેન્ડ પર કોઈપણ પ્રકારનું સૈન્ય આક્રમણ ભયાનક ‘સર્વનાશ’ને નોતરૂ આપશે.’




































**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya